॥ णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ॥
॥ आयओ गुरुबहुमाणो ॥

# ઈમોશન્સ

**પ્રિયમ્**

**अहो श्रुतम्**
શા. બાબુલાલ સરેમલજી
સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪
ahoshrut.bs@gmail.com

It's present
# He is Here

**કરી ઓચ્છવ સિદ્ધારથ ભૂપ નામ કરે વર્ધમાન**
**દિન દિન વાધે પ્રભુ સુરતરુ જિમ રૂપ કલા અસમાન...**

પંચકલ્યાણક સ્તવનનો સ્વાધ્યાય કરતા આજે સિદ્ધાર્થ રાજાની સંવેદના સ્પર્શી ગઈ, બાળ વર્ધમાનના પિતૃત્વની લાગણીઓમાં એ કેવા ભીંજાયા હશે ! આજે પહેલી જ વાર સિદ્ધાર્થ રાજાની આંખે પ્રભુને જોયા. અદ્ભુત એ અનુભવ...

સ્વાધ્યાય આગળ વધ્યો, પ્રભુનો બાલ્યકાળ.. દેવપરીક્ષા... પાઠશાળા... વિવાહ... બધું જ જાણે સાક્ષાત્ જોયું. શ્રેષ્ઠ કન્યાના એ શ્રેષ્ઠ વરના મુખ પર છલકતો શ્રેષ્ઠ વૈરાગ્ય... विरक्तत्वं तदाऽपि ते...

**છાંડ્યા રાય અંતેઉર...** સ્તબ્ધપણે હું પ્રભુની દીક્ષા જોઈ રહ્યો... જાણે એકાએક આખું દશ્ય બદલાઈ ગયું.

**ઘોર પરીષહ સાડા બાર વર્ષ જે જે સહીયા રે...**
**ઘોર અભિગ્રહ જે જે ધરિયા તે નવિ જાયે કહીયા રે...**

મારી નજરની સામે જ જંગલમાં ઊભેલા પ્રભુની ઉપર કષ્ટોની ઝડી વરસવા લાગી. સ્વાધ્યાયની મસ્તી એકાએક ગમગીની બની ગઈ. આંખમાંથી ટપોટપ આંસુઓ પડવા લાગ્યા. આગળનું એક પણ દશ્ય આંસું લૂંછનારું ન હતું.

**શૂલપાણિ ને સંગમ દેવે, ચંડકૌશિક ગોશાળે રે...**
**દીધું દુઃખ ને પાયસ રાંધી, પગ ઉપર ગોવાળે રે...**

આંસુઓની ધારાની સાથે સાથે જ વિચારોની ધારા ચાલી. જો એ સમયે હું હોત ને, તો બધું જ મુકીને ત્યાં જ જંગલમાં પ્રભુના ચરણોમાં

બેસી જાત. દરેકે દરેક કષ્ટનું નિવારણ કરત. પ્રભુના કષ્ટનું નિવારણ કરવા માટે મારો જીવ આપી દેત. પણ મારા જીવતા એક પણ કષ્ટ પ્રભુ પર ન આવવા દેત.

**કાનમાં ગોપે ખિલ્લા માર્યા કાઢતા મૂકી રાટી રે...**
**જે સાંભળતા ત્રિભુવન કંપ્યા પર્વતશિલા ફાટી રે...**

મારા પ્રભુ આટલી વિકટ પરિસ્થિતિમાંથી પસાર થતા હોય, ને શું હું ધંધા-ધાપામાં પડ્યો હોત ? શું હું બૈરી-છોકરામાં રચ્યો-પચ્યો હોત ? શું હું એમ વિચારત કે મને અનુકૂળતા નથી ? શું હું એમ કહેત કે આમાં આપણાથી શું થઈ શકે ?

ના, હરગીઝ નહીં, ફક્ત મારો જ નહીં, દરેક જૈનનો આ જવાબ હશે. આવા સમયે તો છો ખાડામાં જાય ધંધો. ઘર ખરેખર જો ઘર હોય, તો એ મારી સાથે જોડાઈ જાય. પણ મારા પ્રભુની ઉપેક્ષા તો હું શી રીતે કરી શકું ? એમનાથી વધુ મહત્ત્વનું મારા માટે બીજું કોણ હોય ?

૨૬૦૦ વર્ષ પહેલાની આ જો-તો ની વાત એ માત્ર ભૂતકાલીન કલ્પના નથી, પણ વર્તમાનકાલીન વાસ્તવિકતા છે. પ્રભુ આજે પણ વિદ્યમાન છે. **તીર્થદેહે**, જે ઠેર ઠેર ચૂંથાઈ રહ્યો છે. પ્રભુ આજે ય જીવે છે. **સંઘદેહે**, જેની સ્થિતિ રડવું આવે એવી છે. પ્રભુ આપણી સમક્ષ જ છે. **આજ્ઞાદેહે**, જેની સામે આપણે આંખ આડા કાન કરીને મનમાની કરે રાખીએ છીએ, પ્રભુ આજે ય હાજર છે. **શ્રુતદેહે**, જેના પર ધૂળની છાવણી અને ઉધઈની ઉજાણી મંડાઈ છે. પ્રભુ આપણી સમીપ જ છે. **શ્રમણદેહે**, જે રસ્તા ઉપર ભયાનક કમોતે મરી રહ્યા છે. પ્રભુ આપણી બાજુમાં જ રહે છે. **પ્રતિમાદેહે**, જે ભાડૂતી પૂજકના ગોદા ખાઈ રહ્યા છે. પ્રભુ આપણી ભીતરમાં જ છે. **શુદ્ધ-આત્મદેહે**, જેને આપણએ સતત કર્મોના કાદવથી ખરડી રહ્યા છીએ.

આજે ય છીએ આપણે અસ્થિકગ્રામના નિવાસી. આજે ય એ દેવકુલમાં એ સાત હાથની કંચનવરણી કાયા ધ્યાનમગ્ન દશામાં ઊભી છે. ને શૂલપાણિ

કષ્ટોની ઝડીઓ વરસાવી રહ્યો છે. આખું ય ગામ એના 'ઘરે' છે. પોતાને પ્રભુના ભક્ત તરીકે ઓળખાવતો સિદ્ધાર્થ વ્યંતર ગાયબ હતો. આપણે ય ગાયબ છીએ. **ખરે સમયે ખરા સ્થાને આપણો ક્યાં પત્તો હોય છે ! આપણે તો બધાં મહોત્સવના મહેમાન. વિદેશમાં ઉજવાતા ફાધર્સ-મધર્સ ડે - ની જેમ મહાવીર 'જયંતિ' ઉજવી નાખનાર.**

Please come back to the past. ફરી પ્રવેશ કરીએ એ ૨૬૦૦ વર્ષ પહેલાની જો-તો-ની સંવેદનામાં... **આવા સમયે તો ખાડામાં જાય ધંધો.. ઘર ખરેખર જો ઘર હોય તો એ મારી સાથે જોડાઈ જાય. પણ મારા પ્રભુની ઉપેક્ષા તો હું શી રીતે...**

બસ, આ એ જ સમય છે. આ છે વર્તમાન. બધું જ છોડીને બેસી જઈએ મહાવીરના ચરણોમાં, નિવારણ કરીએ એના એક એક કષ્ટનું. **જીવ આપી દઈએ એના ખાતર.** આ સિવાય આ જીવનનું કોઈ કર્તવ્ય પણ નથી અને આ સિવાય આ જીવનનું કોઈ સાર્થક્ય પણ નથી.

બધું 'સમજવા' છતાં જેમને 'ઘર'નો પ્રોબ્લેમ નડે છે. તેમના માટે- એક અન્ય ધર્મનું પદ્ય-

**તુજ સંગે કોઈ વૈષ્ણવ થાયે, તો તું વૈષ્ણવ સાચો,**
**તારા સંગનો રંગ ન લાગે, તિહાં લાગી તું કાચો...**

આપણા ઘરના દરેક સભ્યના રોમે રોમે જો મહાવીર-સંવેદના રણઝણતી ન હોય. તો એને આપણી પોતાની ખામી સમજવી જોઈએ. Come, Let's correct our err. ખરેખર, આપણું જીવન ધન્ય થઈ જશે.

✻ ✻ ✻ ✻ ✻

# ❁ आतट्ठे जागरो होहि ❁
## इसिभासियाइं

પર્વતીય પ્રદેશમાંથી સિકંદરની સેના પસાર થઈ રહી છે. સિકંદરની નજરમાં એક વૃદ્ધ મજૂર આવ્યો. ખંડણીની સોનામહોરોથી ભરેલો કોથળો ઉંચકીને એ માંડ માંડ ચડી રહ્યો છે. એ હાંફી ગયો છે. થાકી ગયો છે. એવું લાગે છે કે હવે એનાથી બિલકુલ નહીં ચડાય. ને ખરેખર, સિકંદરની સવારી એની નજીક આવી તે જ સમયે રસ્તાની એક બાજુ તે કોથળો નાંખીને એ વૃદ્ધ બેસી પડ્યો. એની મુખમુદ્રા કહી રહી હતી... બ..સ.. હવે એક પગલું પણ નહીં. સિકંદરે એને બોલાવ્યો. ને એક જ વાત કહી - જે કોથળો તે ઉપાડ્યો છે. તે હું તને ભેટ આપું છું. સવારી આગળ ચાલી. થોડી વાર પછી સિકંદરે પાછળ જોયું તો પેલો મજૂર ઝપાટાભેર ચડી રહ્યો હતો. અફ-કોર્સ, કોથળો ઉંચકીને જ.

જ્યાં સુધી એ કોથળો રાજાનો હતો, ત્યાં સુધી 'ભાર' હતો. જે ક્ષણે એ 'મારો' થઈ ગયો, એ જ ક્ષણે એનું ભારપણું મટી ગયું. સ્વાર્થમાં કદી 'બોજા'ની પ્રતીતિ હોતી જ નથી. ધર્મની પ્રત્યેક સાધના આનંદમય છે. શરત એટલી જ, કે એમાં સ્વાર્થની પ્રતીતિ હોવી જોઈએ. દેખીતી રીતે પરાર્થ પણ તાત્ત્વિક દૃષ્ટિએ તો આત્માર્થ સાથેનો જ પરાર્થ છે. આત્માર્થશૂન્ય પરાર્થ એ હકીકતમાં તાત્ત્વિક પરાર્થ પણ રહેતો નથી.

કોઈની સેવા કર્યા પછી જો મન ઉપર કર્તૃત્વનો ભાર રહેતો હોય, જેની સેવા કરી એના પર આધિપત્યની ભાવના થતી હોય, એ આપણી ધારણા મુજબ જ બોલે-ચાલે એવી અપેક્ષા જાગતી હોય, એમાં જરા પણ વિપરીત થાય, એટલે અપ્રીતિ કે આવેશ જાગતો હોય, સેવાના બદલામાં સેવ્ય તરફથી કોઈ પણ જાતના બદલાની અપેક્ષા હોય, તો આ સ્થિતિમાં

સેવાનો આત્મા જ ગાયબ છે. આપણે સેવા કરી એ આપણી ભ્રમણા છે, આપણે તો સોદો કર્યો. વેપાર કર્યો.

સેવા કોના માટે ? કોઈની જરૂર, ગ્લાનત્વ, વૃદ્ધત્વ, ઉપકારિત્વ - આ બધાં નિમિત્ત છે. તથાવિધ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં આત્મહિતકારક ઔચિત્યના પાલન માટે સેવા છે. સેવા છે આપણા પોતાના આત્મા માટે. દાન છે આપણા પોતાના આત્મા માટે. શીલ છે આપણા પોતાના આત્મા માટે. તપ છે આપણા પોતાના આત્મા માટે. સમસ્ત ધર્મસાધનાનું હાર્દ છે આત્માર્થ. આત્માર્થ વિનાનો ધર્મ ધર્મ તરીકે મટી જાય છે. એ રહે છે એક બહાનું, એક વેપાર, એક વહેવાર, એક પ્રદર્શન.

થાક જ બતાવી આપે છે કે ‘આત્માર્થ’માં જ ખોટ હતી. કંટાળો જ કહી આપે છે, કે આપણે ‘પરાયું’ સમજીને કરી રહ્યા હતાં. આશંસા જ સૂચવે છે કે ઓલ-રેડી થઈ રહેલ આત્મલાભની આપણને કાંઈ જ પડી જ નથી. નિરાશંસ દાનના સોનાના મેરુ જેટલા લાભને લાત મારીને કાંકરા જેટલી કિંમતની નામના માટે ફાંફા મારતા જીવોને જોઈને જ્ઞાનીઓને ખરેખર દયા આવી જાય છે. આંધળે બેરું કુટયું તે આનું નામ. આપણે જેની સેવા કરી, તેણે સેવાનો અવસર આપીને આપણા પર ખૂબ મોટો ઉપકાર કર્યો, એવી આંતરિક સ્તરે અનુભૂતિ થાય, હું કમાઈ ગયો ને ફાવી ગયો એવી દૃઢ પ્રતીતિ થાય અને ફરી ફરી આ લાભ મળે એવી હાર્દિક ઝંખના થાય, તો એ સાચી સેવા.

સમગ્ર મોક્ષમાર્ગનું હાર્દ આત્માર્થ છે. આત્માર્થ વિના મોક્ષમાર્ગ પર પ્રગતિ તો શક્ય નથી જ, પ્રવેશ પણ અશક્ય છે.

* * * * *

# ❁ જિનશાસનનું ગૌરવ ❁

# A *Real Diamond*

દુનિયામાં ઘણા જીવો એવા હોય છે, જેઓને મન જાતમાં જ આખું જગત સમાઈ ગયું હોય છે, તો કેટલાંક જીવો એવા પણ હોય છે, જેમને મન જગતમાં જ જાત સમાઈ ગઈ હોય છે. **આવા જીવો પર-સેવા માટે હોંશે હોંશે પરસેવા પાડે છે, ને જાતને ઘસી ઘસીને ઉજળા થાય છે.** આ સદીનું આવું જ એક વ્યક્તિત્વ એટલે સુશ્રાવક શ્રી હીરાભાઈ સંઘવી.

કયા સમુદાયના કયા પૂજ્યો એમને નહીં જાણતા હોય એ પ્રશ્ન છે. પૂજ્યોની જુની પેઢી એમને પાલીતાણા-ગુરુકુળવાળા તરીકે ઓળખે અને નવી પેઢી એમને તલાસરીવાળા ઓળખે. ગૃહસ્થોની વાત કરીએ, તો હજારો શ્રાવકો એમને 'ગુરુ' તરીકે ઓળખે. વાપીની પાંજરાપોળવાળા એમને 'પ્રાણીરક્ષક' તરીકે ઓળખે. મુલુંડ (મુંબઈ) નો શ્રીસંઘ એમને અગ્રણી-મુરબ્બી તરીકે ઓળખે.

પોતાના જીવનના ૫૦ વર્ષ એમણે શ્રીયશોવિજયજી જૈન ગુરુકુળ (પાલીતાણા) ની સેવામાં સમર્પિત કરી દીધાં હતા. શિક્ષક અને ગૃહપતિ તરીકે તેમણે એટલી શ્રેષ્ઠ સેવા આપી કે જેને યાદ કરીને તેમના વિદ્યાર્થીઓ આજે ય ગળગળા થઈ જાય છે. **પરમ શાસન પ્રભાવક પ.પૂ. આ.દે. શ્રીમદ્વિજય રત્નસુંદર-સૂરીશ્વરજી મહારાજાથી માંડીને મોટા ગજાના ઉદ્યોગપતિઓ પણ શ્રીહીરાભાઈના હાથ નીચે શિક્ષણ અને ઘડતર પામી ચૂક્યા છે.** સી.એ. એલ.એલ.બી., એમ.બી.બી.એસ. વગેરે ઉચ્ચ ડિગ્રી પામેલા ગુરુકુળના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ નિયમિત શ્રી હીરાભાઈ પાસે આવતા, એમની સુખ-શાતા પૂછતાં અને એમના ઉપકારોને યાદ કરતાં.

ગુરુકુળમાં જોડાયા તે પૂર્વે શ્રી હીરાભાઈ પોતાના વતન વિરમગામમાં એક દવાખાનામાં કાર્ય કરતાં હતાં. એક વાર એમણે ભગવાનને પ્રાર્થના

કરી. મને કોઈ તીર્થસ્થળમાં સ્થાન આપો. આ પ્રાર્થના બાદ આકસ્મિક રીતે અને ચમત્કારિક રીતે શ્રીહીરાભાઈ શ્રી સિદ્ધાચલની પરમ પાવન છાયામાં ગુરુકુળમાં જોડાઈ ગયા. પહેલા વ્યાયામ શિક્ષક તરીકે અને પછી ગૃહપતિ-નિયામક તરીકે સેવા આપી. દવાખાનાની પોતાની પ્રેકટીસનો તેમણે વિદ્યાર્થીઓની સારવાર-સેવામાં ખૂબ સારો ઉપયોગ કર્યો.

પિતાની હિતસ્વિની કઠોરતા સાથે માતાનું ભીનું ભીનું વાત્સલ્ય એ શ્રી હીરાભાઈની આગવી વિશેષતા હતી. હજારો વિદ્યાર્થીઓના હૃદયમાં આજીવન પ્રતિષ્ઠિત થઈ જવા માટે આ એક જ વિશેષતા પૂરતી હતી. **ફરજ બજાવવી જુદી વાત છે. અને ફરજમાં આત્માને ઓળઘોળ કરી દેવો એ જુદી વાત છે. આથી પણ આગળ વધીને ફરજની બહારના પણ કાર્યક્ષેત્રને નૈતિક ફરજ સમજીને સ્વૈચ્છિક રીતે જાત ઘસીને પણ તે ફરજ બજાવવી, તે અલગ વાત છે. શ્રી હીરાભાઈમાં આ તમામ સદ્‌ગુણોનો સહજ વિકાસ થયો હતો.**

એ સમયે ગુરુકુળને વાર્ષિક ૪૦,૦૦૦ રૂા. નો તોટો આવતો હતો. તે સમયે અમદાવાદ, મુંબઈ, મદ્રાસ વગેરેમાં પ્રોગ્રામો કરીને નિઃસ્વાર્થભાવે સંસ્થા માટે ફંડ એકઠું કરવા તેઓ પ્રયત્નશીલ રહેતા. સંસ્થાને મુંબઈ-ઓફિસ સંભાળવા માટે એક જવાબદાર પ્રામાણિક વ્યક્તિની જરૂર હતી. શ્રી હીરાભાઈ સંસ્થાની સેવા માટે મુંબઈ-મુલુંડ સ્થાયી થયા. રિટાયર થયા ત્યાં સુધી તો અખંડ સેવા કરી જ. રિટાયર થયા પછી પણ ઓનરરી સેવા ચાલુ જ રાખી. મુલુંડમાં સંસ્થાએ તેમને રહેવા માટે એક ફ્લેટ આપ્યો હતો. રિટાયરમેન્ટ લેતાની સાથે હીરાભાઈએ તે ઘર ખાલી કરી દીધું. અને ફ્લેટની ચાવી સંસ્થાને આપી દીધી. એમના અડોશ-પડોશના લોકોએ એમના આવા પગલા સામે ખૂબ નારાજગી દેખાડી અને કહ્યું કે ‘‘૫૦-૫૦ વર્ષ સુધી આટલી સેવા કર્યા બાદ તો આ ફ્લેટ ઓફિસિયલ રીતે તમારો જ થઈ જાય, તમે આવું શા માટે કર્યું ?’’ **મુંબઈમાં મોકાની જગ્યાએ મોંઘા ભાવનો ફ્લેટ શ્રી હીરાભાઈએ જે સહજતાથી છોડી દીધો, એ સમજવું બધાં માટે ખૂબ અઘરું હતું.** શાસ્ત્રો જેને કહે છે - उपकृत्य भवन्ति निःस्पृहाः

– ઉપકાર કરીને બદલો પામવાની લેશ પણ સ્પૃહા ન રાખે – આ સૂક્તિ એમના જીવનમાં ચરિતાર્થ થઈ હતી.

આટલું ઓછું હોય, તેમ નિવૃત્તિ બાદ પણ સંસ્થાની માનદ્ સેવા ચાલુ રાખવી એ પરાકાષ્ઠાની પણ પરાકાષ્ઠા હતી. સંસ્થાએ મુલુંડના એ જ ફ્લેટમાં ઓફિસ બનાવી ને શ્રી હીરાભાઈ રોજ નિયમિત એ ઓફિસમાં આવતાં, ને બધી જાતની દેખ-રેખ રાખતાં.

વર્ષો વીતતા ગયા, એક દિવસ સંસ્થા સામે બહુ મોટી સમસ્યા ઊભી થઈ. પાલીતાણામાં જે ગૃહપતિ નીમવામાં આવ્યા હતા. તે તદ્દન ખોટા માણસ હતાં. તેમને ડિસમિસ કરવા છતાં તે સ્થાન છોડવા તૈયાર ન હતાં. છેવટે તેમની ખૂબ અનુચિત-ભારે માંગણી – પાંચ લાખ રૂપિયાની પૂરી કરીને સંસ્થાએ તેમને વિદાય કર્યા.

હવે નવા યોગ્ય ગૃહપતિ ન મળે, ત્યાં સુધી આ સ્થાન કોણ સંભાળે ? લગભગ ૭૫-૮૦ વર્ષની ઉંમરના આ ભીષ્મ પિતામહને સંસ્થાએ યાદ કર્યા. ને આ પિતામહ દોડી આવ્યાં. નિઃસ્વાર્થભાવે બધી જવાબદારી ઉપાડી લીધી. દિવસોના દિવસો સુધી સેવા આપી. નવા ગૃહપતિ મળ્યા. **વિદાય લેતા આ સેવકને સંસ્થાએ પગારનો ચેક ધર્યો. સેવકે હાથ જોડ્યા. હવાની આંખમાં ઝળઝળિયા આવે ને દિશાઓના કંઠે ડુમો બાઝે એવી આ ઘટના હતી. ચેક લીધા વિના સેવાના સંતોષ સાથે અને નિઃસ્વાર્થતાની ખુમારી સાથે શ્રી હીરાભાઈ પાછા ફર્યા.**

ગુરૂકુળ આજે કરોડો રૂપિયાનું આસામી છે અને એક રૂપિયાનું પણ નિર્વાહ ફંડ કરવાની જરૂર રહી નથી. એના મૂળમાં આવા પવિત્ર આત્માનો પ્રભાવ માન્યા વિના છૂટકો જ નથી.

શ્રી મલ્લિનાથ જૈન તીર્થ, તલાસરીના નિર્માતા શ્રી રજનીભાઈની આગ્રહભરી વિનંતિથી શ્રી હીરાભાઈએ પોતાના જીવનના અંતિમ ૧૫ વર્ષ આ તીર્થના યોગ-ક્ષેમ માટે સમર્પિત કરી દીધાં હતાં. ગુજરાત-મહારાષ્ટ્રના બોર્ડરનું આ તીર્થ. વર્ષે ૨૦૦૦ પૂજ્યોનું આગમન. શ્રી હીરાભાઈના પાવન

પગલે આ તીર્થની રોનક ફરી ગઈ. પરિવારના આગ્રહથી થોડા દિવસ માટે ય તેઓ મુંબઈ જાય, એટલે તીર્થનિર્માતાને ચિંતા થઈ જાય, આટલી તો તીર્થને એમની જરૂર હતી. શ્રી હીરાભાઈ પ્રતિદિન તીર્થમાંથી ભોજન લઈને આજુ-બાજુની આદિવાસી સ્કુલમાં જતાં. **બધાંને નવકાર બોલાવતા. સારા સંસ્કારો આપતા. ભરપેટ ભોજન કરાવતા અને માંસ વગેરે ન ખાવાની પ્રતિજ્ઞા આપતા.** આ વિસ્તારના બાળકોને નવકાર મહામંત્ર મોઢે થઈ ગયો. યુનિફોર્મ વિતરણ, ધાબળા વિતરણ, વસ્ત્ર વિતરણ, સ્ટેશનરી વિતરણ વગેરેની સાથે સાથે જિનશાસનની યથાસંભવ પ્રભાવના કરતાં આ 'હીરાચાચા' તલાસરીની નગરપાલિકા, પોલિસ, વિધાનસભ્ય, શિક્ષકો બધાના આદરણીય બન્યા હતા. વિહાર કરતા પૂજ્યોની સેવા અને એમને સુપાત્રદાન કરવા દ્વારા શ્રી હીરાભાઈએ પોતાના જીવનના અંતિમ ૧૫ વર્ષ પણ ખૂબ ખૂબ સફળ કરી દીધા હતાં. **મહાવીર જન્મ કલ્યાણકે કતલખાના બંધ રાખવા એવો આપણા દેશનો કાયદો તો છે. પણ તેનો અમલ થતો ન હતો. શ્રી હીરાભાઈએ જબરદસ્ત પ્રયત્નો કરીને એ અત્યંત પ્રતિકૂળ ક્ષેત્રમાં પણ આ કાયદાનો અમલ કરાવ્યો હતો.** તલાસરી-વાપીના હાઈવે પર કોઈ ટેમ્પો દેખાય જેમાં અબોલ જીવો હોય ને એક ધોતી-ઝબ્બા-ગાંધી ટોપી પહેરેલા ૮૬ વર્ષના સજ્જન હોય, તો એ સજ્જન શ્રી હીરાભાઈ સમજવા- આવી એમની ઓળખ હતી. કસાઈ પાસેથી છોડાવેલા જીવોને વાપી પાંજરાપોળ સુધી જાતે જઈને મુકી આવવામાં એમણે નથી તો કદી આળસ કરી, કે નથી પોતાની ઉંમરની, તબિયતની કે તડકાની પરવા કરી. **જ્યારે જ્યારે તેઓ પશુને બચાવે ત્યારે ત્યારે એક રોમહર્ષક ઘટના બનતી. એ પશુને મલ્લિનાથ દાદાના દર્શન કરાવતા, એને તિલક કરતાં. શીરો ખવડાવતા અને પછી પાંજરાપોળમાં મૂકી આવતા.**

તેમણે પોતાના ચારે પુત્રોને ધર્મસંસ્કારો આપ્યા, જેના ફળ રૂપે આજે તેમના સમગ્ર પરિવારમાં ધર્મની જ્યોત ઝળહળી રહી છે. તેમના મોટા પુત્રે સમગ્ર પરિવાર સાથે દીક્ષા લીધી છે. પુત્ર, પુત્રવધૂ, પૌત્રી અને બે પૌત્રો - આ બધાંના સંયમજીવનની અનુમોદના કરતાં કરતાં શ્રી હીરાભાઈની

છાતી છેક સુધી ગજગજ ફુલતી હતી. **જ્યારે એમને મળવા જાય ત્યારે સંયમશુદ્ધિની પ્રેરણા કરતાં અને તેમના શાસ્ત્રાભ્યાસનો રિપોર્ટ માંગતા. પોતાની પાસે કાગળમાં એમના સ્વાધ્યાયનો હિસાબ રાખતાં.** તેમના અવસાનના ત્રણેક મહિના પૂર્વે જ તેઓ અમદાવાદ આવ્યા હતા, ત્યારે પણ આ રિપોર્ટ લેવાનું ચૂક્યા ન હતાં.

ગુરુકુળમાં શિખરબંધી દેરાસર ન બંધાય ત્યાં સુધી 'ભાત'ની બાધા એમણે અખંડપણે પાળી. જિનાલય નિર્માણ માટે ખૂબ ભોગ આપ્યો ને ગત વર્ષે જ ઉછામણી પૂર્વક એ જિનાલયની સાલગિરિમાં ધ્વજારોહણનો ય લાભ લીધો. આજીવન 'ચા'નો ત્યાગ, અનેક તપસ્યાઓ, ઉપધાન, અખંડ બેસણા, પ્રવચનશ્રવણ, અખંડ અષ્ટપ્રકારી પૂજા, અખંડ સામાયિક-પ્રતિક્રમણ, હજારો સંયમીઓની સેવા, પરિવારના પાંચ સભ્યોને દીક્ષાપ્રદાન, જીવદયા અને અનુકંપાના અઢળક સુકૃતો, આજીવન અખંડ જિનશાસનની સેવા - આ બધાં દ્વારા એમણે પોતાના જીવનને ધન્ય બનાવી દીધું. **લગભગ જીવનના છેલ્લા મહિના સુધી એમનો આ યજ્ઞ ચાલુ રહ્યો.** છેલ્લા પંદરેક દિવસની માંદગીમાં પણ મહાત્મા દ્વારા અને પરિવાર દ્વારા તેમને ખૂબ સમાધિ આપવામાં આવી. શ્રાવણ વદ ૫ ની રાતે ૧.૧૦ વાગે એમનો પાવન આત્મા દેહ છોડીને ચાલ્યો ગયો.

આજે લાખો અને કરોડો રૂપિયાના દાનો આપનારા છે, તીર્થો અને જિનાલયોના સર્જન કરનારાઓ છે. પણ 'હીરાભાઈ'નો દુકાળ છે. ક્યાં મળશે આજે આવા નિઃસ્વાર્થ સેવક ? ક્યાં મળશે આજે જાતને ઘસી દેનારા અને જાતને ઘસી દીધા પછી ય નિઃસ્પૃહ રહેનારા ? રાજનીતિમાં લખ્યું છે - **न धनसंग्रहः पुरुषसङ्ग्रहाद् बहु मन्तव्यः - ધનના સંગ્રહની ઉપેક્ષા કરીને પણ યોગ્ય વ્યક્તિનો સંગ્રહ કરવો. આ એક વચનની ઉપેક્ષાને કારણે આજે આપણા તીર્થો, વિહારધામો, પાંજરાપોળો, સંસ્થાઓ, સંઘો- બધું જ બહુધા અવ્યવસ્થાના રોગથી પીડાઈ રહ્યું છે.** 'હીરાભાઈ'ને અપેક્ષા ન હોય એ જુદી વસ્તુ છે અને સંસ્થાને કદર ન હોય એ જુદી વાત છે. પાલીતાણાની એક બીજી જૈન સંસ્થામાં આજે એક ગૃહપતિ

છે. છોકરાઓને ગંદી ગાળો આપવાથી માંડીને સ્ટીલની ડોલથી માર મારવા સુધી નીચે ઉતરેલા છે. જૈનત્વના સખત વિરોધી છે. છોકરાઓને પ્રભાવના આપવા આવેલ ભાવુકોને અપમાન કરીને ભગાડી દે છે. ટ્રસ્ટી પાસે આ ફરિયાદનો આટલો જ જવાબ છે. – 'આટલા પગારમાં બીજો માણસ લાવી આપો.'

**આવી પરિસ્થિતિ દેખાય, ત્યારે હૈયું ચીરીને એક પ્રશ્ન બહાર આવે છે. – 'હીરાભાઈ' ક્યાં છે ? જિનશાસનના આજના મહત્તમ પ્રશ્નોનો ઉકેલ આ છે – 'હીરાભાઈ'ઓનું નિર્માણ અને એમની 'કદર'. કરોડ રૂપિયાના દાનની કદર આપણે ત્યાં થાય છે, પણ કરોડોથી પણ જેનું મૂલ્ય ન થઈ શકે એવી સેવાની કદર કરવાનું ગજું આપણી પાસે પ્રાયઃ હોતું નથી.**

માણસોને ચૂસનારા, 'પોષાય તો રહો' – આવો નફ્ફટ જવાબ આપનારા, ભયંકર અવ્યવસ્થાઓ સામે આંખ આડા કાન કરનારા, સારા માણસો યા તો આવે જ નહીં, ને યા તો ટકે જ નહીં, આવી પરિસ્થિતિનું નિર્માણ કરનારા એવા વહીવટદારો થોડા રૂપિયા બચાવવા જતાં હકીકતમાં આખા તીર્થ/સંસ્થાને ડુબાડી રહ્યા હોય છે.

**શ્રી હીરાભાઈના જીવનમાંથી પ્રેરણા લઈને અને આપણી ભીતર 'હીરાભાઈ'નું સર્જન કરીએ એ એ પુણ્યાત્માને સાચી શ્રદ્ધાંજલિ બની રહેશે.** પરમતારક શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

✳ ✳ ✳ ✳ ✳

# GURUKUL : My Mother

– પ. પૂ. મુનિરાજ શ્રી તત્ત્વપ્રેમવિજયજી મ.સા.

ગુરુકુળ એટલે
એ
જેના ખોળે અમે ખીલ્યા
જેની ધૂળમાં અમે રમ્યા
જ્યાં ફૂલ બનીને અમે હસ્યા
જેણે અમને
સંસ્કારની સાકર નાંખીને
શિક્ષણનું દૂધ પાયું.

જેણે અમારી એ બધી જ કાળજી કરી
જે એક મા
એક દીકરાની કાળજી કરે છે.
એ 'મા'
આજે જ્યારે સો વર્ષની થઈ રહી છે
ત્યારે એને અર્પિત કરવા માટે
કોઈ જ શબ્દ-સુમન જડતા નથી.

એક દીકરો
એની 'મા'ને શું આપી શકે ?
આપી આપીને શું આપી શકે ?
આપવાની અસ્મિતા તો 'મા'ને વરેલી હોય છે.

દીકરો કદાચ દુનિયાભરની દોલતથી
'મા'નો પાલવ ભરી દે
તો ય
'મા'ની એક હેતભરી નજરની તુલનામાં
એ બધું ય મૂલ્યહીન હોય છે.
તદ્દન મૂલ્યહીન.

હા, એ એક હકીકત છે
કે એ 'મા'ની શતાબ્દી પૂરી થઈ રહી છે.
ત્યારે આ દીકરાનું હૈયું હેલે ચડ્યું છે.
એ હૈયાની એ જ આરઝુ છે
કે 'મા' આવી એક જ શતાબ્દી નહીં
અનેક શતાબ્દીઓને પૂર્ણ કરે.

એ માત્ર જીવતી રહે એટલું જ નહીં
એના એક એક દીકરામાં એ જીવંત બને.
સમ્યક્ જ્ઞાન રૂપે..... સત્સંસ્કાર રૂપે.... વિવેક રૂપે..... સદ્ભાવના રૂપે....
પરાર્થ અને પરમાર્થ રૂપે.... ભક્તિ અને શક્તિ રૂપે.....
સેવા અને સમર્પણ રૂપે.... ત્યાગ અને વૈરાગ્ય રૂપે....
સહકાર અને ઉપકાર રૂપે.... પ્રેમ અને કરુણા રૂપે....
વ્હાલ અને વાત્સલ્ય રૂપે....

બસ,
એનો એક એક દીકરો
એનું જ રૂપ બને... એનું જ સ્વરૂપ બને...
જમાનાથી એ 'મા' ન બદલાય
પણ

એ 'મા' થી જમાનો બદલાય,
એ 'મા' ને મરુદેવા[1] ને ત્રિશલા[2]નું સૌભાગ્ય મળે
એ 'મા' ને પૃથ્વી[3] ને પાહિણી[4]નું ગૌરવ મળે,
એ 'મા' નું સર્જન
વસ્તુપાળ, તેજપાળ, જગડુશા અને ભામાશાની યાદ અપાવે.

એ 'મા' છાતી ઠોકીને કહી શકે
કે ''મારા ખોળે આવેલ મારું સંતાન
સદ્‌ગુણોથી સમૃદ્ધ જ હશે,
મારી સુવાસ એના સમગ્ર જીવનમાં મહેંકતી જ રહેશે...''
દીકરાની આ દુઆ
'મા' ના પાવન ચરણોમાં સાદર સાનંદ સમર્પિત.

*Happy birthday my Mother !*
*At your 100th birth day*
*many many happy returns of the day.*

*- Your Son*

(માગસર વદ ૧૪, વિ.સં.૨૦૭૨
ભીનમાલ, રાજસ્થાન)

* * * * *

---

૧. આદિનાથ ભગવાનના માતા ૨. મહાવીરસ્વામી ભગવાનના માતા
૩. ગૌતમસ્વામીના માતા ૪. કલિકાલ સર્વજ્ઞના માતા.

# સ્વપ્નિલ રથયાત્રા

### * સ્વરૂપ *

આ રથયાત્રામાં ત્રણ રથ હોય - (૧) દેવ (૨) ગુરુ (૩) ધર્મ.

**(૧) દેવરથ :** સપરિકર અદ્ભુત જિનપ્રતિમા ધરાવતો આ રથ હોય, પ્રભુની મુખમુદ્રા મંત્રમુગ્ધ કરી દે તેવી હોય. પ્રતિદિન આ રથમાં મહાપૂજા જેવો શણગાર-આંગી વગેરે થતું હોય.

**(૨) ગુરુરથ :** પ્રેમસૂરિદાદાની જીવંત-કક્ષાની પ્રતિમા આ રથમાં હોય. સાથે સંયમના ઉપકરણો હોય + રથની રચનામાં જ સમાવેશ પામેલા દાદા ગુરુદેવશ્રીના પરિચય વાક્યો હોય, જેમને વાંચતાની સાથે એમ થઈ જાય કે એમનાથી મહાન કોઈ સંત ન હોઈ શકે.

**(૩) ધર્મરથ :** આમાં જૈન ધર્મ, મહાવીરસ્વામી ભગવાન, પ્રેમસૂરિદાદા અને માર્ગાનુસારીપણાને લગતું મફત સાહિત્ય, ટોકન ભાવે મળતું સાહિત્ય અને ડિજીટલ સામગ્રી હોય.

### * સ્વયંસેવકો *

દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેની વિશિષ્ટ લાગણીવાળા કમ સે કમ બે યુવાનો આ રથયાત્રામાં સેવા આપે. આજે જુદા બે યુવાનો, આવતી કાલે જુદા બે યુવાનો- એવી રીતે પણ ચાલી શકે. પણ એ બધાં યુવાનો તાલીમસંપન્ન હોવા જોઈએ.

### * તાલીમ *

દરેક ગામમાં પ્રચાર અને પ્રસ્તુતિ માટે વક્તૃત્વ અને ગીત-સંગીતની તાલીમ એ યુવાનો પાસે હોવી જોઈએ. માત્ર અમુક જ વક્તવ્ય અને અમુક

જ ગીત-સંગીત એક જ વાર શીખવાનું રહે. દરેક ગામમાં એનું જ પુનરાવર્તન થતું રહે. કદાચ તાલીમ ન જ લઈ શકાય, તો ડિજીટલ માધ્યમો તે વક્તવ્ય અને ગીત-સંગીતનો વિકલ્પ બની શકે.

## * પ્રચાર *

નિયત ગામમાં સવારે આ ત્રણે રથોની રથયાત્રા નીકળે. તેની સાથે લગાડેલા બેનરોમાં દેવ-ગુરુ-ધર્મનો સુંદર પરિચય આપ્યો હોય. સાથે મધુર શબ્દોમાં જાહેરાત થતી હોય કે 'આજે રાતે અમુક સમયે અમુક જગ્યાએ સદ્ગુરુ-ઉત્સવ છે તો સમગ્ર ગામની જનતાને જાહેર આમંત્રણ છે. જીવનમાં સુખ-શાંતિ-સમૃદ્ધિ આપતા આ ઉત્સવમાં જરૂર પધારો... પધારો.. પધારો.. પધારો.'

## * પ્રસ્તુતિ *

ગામના ચોતરે/રસ્તા પર/મેદાન પર- કોઈ પણ અનુકૂળ સ્થળે પંચાયતના સહકારથી કાર્યક્રમ ગોઠવાય. તેમાં વચ્ચે દેવરથ અને આજુ-બાજુ ગુરુરથ-ધર્મરથ હોય. તેમની એક બાજુ પ્રોજેક્ટરની વ્યવસ્થા હોય. બીજી બાજુ વિરાટ ફ્લેક્સ પર પ્રેમસૂરિદાદાનો ગુણાત્મક પરિચય હોય. સામે હજારો લોકો બેસી શકે એવી કારપેટ વ્યવસ્થા હોય.

## * પ્રવૃત્તિ *

(૧) ૧૫ મિનિટ ભગવાનની ભક્તિ-ભાવના હોય. જેમાં ખૂબ જ અસરકારક ચૂંટેલા ગીત-સંગીતનો ઉપયોગ થાય. ભાઈઓને નૃત્ય-પ્રદક્ષિણા દેવા માટે દાંડિયાની વ્યવસ્થા રાખેલી હોય. મહાપૂજા-શણગાર-સુગંધ-ગુલાલ-ગીત-સંગીત-નૃત્ય વગેરેથી અદ્ભુત માહોલ બની જાય.

(૨) ૧૦ મિનિટ જૈન ધર્મ વિષે સમજાવવામાં આવે. જૈન ધર્મ શાશ્વત છે. અનાદિ છે. એ વાત વેદો-પુરાણોમાં આવતા ઉલ્લેખો સાથે સમજાવાય. ચોવીશીનું સ્વરૂપ-અનંત ચોવીશીની હકીકત- આ ચોવીશીની સમજૂતી આ બધું પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનથી સમજાવાય.

(૩) ૨ મિનિટ આ ચોવીશીના છેલ્લા તીર્થંકર ભગવાન શ્રી મહાવીર સ્વામી વિષે સમજાવવામાં આવે. ગાંધીજી, નહેરુ, ઈંદિરા ગાંધી, લાલ બહાદુર શાસ્ત્રી વગેરેએ તેમના માટે શું કહ્યું હતું તે કહેવામાં આવે.

(૪) ૩૦ મિનિટ ભગવાન શ્રી મહાવીર સ્વામીના જીવનની એનીમેશન ફિલ્મ બતાવવામાં આવે.

(૫) ૧૦ મિનિટ ભગવાન શ્રી મહાવીર સ્વામીએ આપેલા ઉપદેશ - આચાર-તત્ત્વજ્ઞાન-સાધુધર્મ-શ્રાવકધર્મ- આને શોર્ટ-સ્વીટ રૂપે પ્રસ્તુત કરવામાં આવે.

(૬) આ પાવન પરંપરામાં પ્રભુના માર્ગે ચાલનારા આ સદીના એક ઉત્કૃષ્ટ સંત એટલે પ્રેમસૂરિદાદા એવી સમજ આપતું ૧૫ મિનિટનું વક્તવ્ય થાય. જે દરમિયાન પડદાં પર દાદા ગુરુદેવશ્રીના ફોટાઓ-ચિત્રો રજુ થાય.

(૭) ૧૫ મિનિટ સદ્‌ગુરુ - ઉપાસના ગીત-સંગીત વગેરે દ્વારા થાય. નૃત્ય-પ્રદક્ષિણા દ્વારા પૂર્વવત્ ભક્તિ માહોલ બને.

(૮) મન-વચન-શરીરના સ્તરે હિંસામુક્તિ, જીવનસ્તરે સંપૂર્ણ વ્યસનમુક્તિ અને શુદ્ધ શાકાહારિતા આ ત્રણ મુદ્દા પર ભારપૂર્વકની પ્રેરણા ૧૦ મિનિટ કરવામાં આવે. પ્રભુના અને સદ્‌ગુરુના ચરણોમાં શ્રદ્ધાંજલિ રૂપે આ ત્રણ મુદ્દાની દૃઢ પ્રતિજ્ઞા લેવાની પ્રેરણા કરીને પ્રતિજ્ઞા આપવામાં આવે.

(૯) 'જીવનમાં નવો પ્રકાશ પામવા માટે, તમારી દરેક સમસ્યાનું સમાધાન પામવા માટે સુંદર જ્ઞાન-સામગ્રી વિનામલ્યે અને ટોકન મૂલ્યે આપના માટે ઉપલબ્ધ છે. આજે જ્ઞાનની ગંગા સામે ચાલીને તમારી પાસે આવી છે એનો લાભ લેવા વિનંતિ.' આવી જાહેરાત સૌથી છેલ્લે કરવામાં આવે. સ્વયંસેવકો ખૂબ સારી રીતે પેમ્પ્લેટ્સ, પુસ્તિકા, પુસ્તકો, દેવ-ગુરુના ફોટા, માળા-વગેરેનું વિતરણ કરે. આ વિતરણ દરમિયાન.. જય ગુરુદેવ... જય જય ગુરુદેવ... ઈત્યાદિ હળવું સંગીત ચાલું રહે.

## * સ્વપ્નિલ રથયાત્રાના લાભો *

(૧) જાહેર જનતામાં જૈન ધર્મ વિષે રહેલી ગેરસમજો દૂર થાય. અને જૈન ધર્મ માટે આંતરિક સદ્ભાવ પ્રગટે.

(૨) સમ્યક્ત્વના બીજની કે સમ્યક્ત્વાદિની પ્રાપ્તિ થાય.

(૩) ભગવાન મહાવીરસ્વામી અને પ્રેમસૂરિદાદા લાખો લોકોના અંતરમાં વસી જાય.

(૪) જિનશાસન પરના આક્રમણો ઓછા થાય, નાબૂદ થાય, જિનશાસનની પડખે રહેનારો વર્ગ ઊભો થાય.

(૫) પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને નિર્દોષ ગોચરી પાણી સુલભ બને. વિહારો અનુકૂળ થાય. વિહારક્ષેત્રો વધે.

(૬) સંપ્રતિ મહારાજાએ કરેલ તે કાર્ય આંશિક રૂપે સાકાર બને.

(૭) પ્રેમસૂરિ દાદાને ખરા અર્થમાં શ્રદ્ધાંજલિ આપી શકાય. 'દાદા' ના નિમિત્તને પામીને દીર્ઘગામી પરિણામલક્ષી આયોજન થઈ શકે.

* * * * *

# પાંજરાપોળ - તોટો
## *A Permanent Solution*

ઢોરોના પેટ અને પાંજરાપોળના તોટા - બંને મોટા હોય છે. દિવસ-રાત મહેનત કરવા છતાં મોટા ભાગે એ પૂરાતા નથી. ફંડ લાવી લાવીને મહિનો-બે મહિના આગળ આગળ ધક્કો મારતા રહેવું- આ સ્થિતિ મનોમંથનનું બીજ ન બને તો જ નવાઈ. એક પાંજરાપોળના ટ્રસ્ટીનું કહેવું છે કે 'દિવસ-રાત સખત મહેનત કરવી જ પડે એમ છે. રાતે દોઢ વાગે ઝબકીને જાગી જવાય છે કે આનું શું થશે ? સો દીકરીના બાપ બનવું હજી કદાચ સહેલું છે, પણ પાંજરાપોળના ટ્રસ્ટી બનવું ખૂબ અઘરું છે. આખી જિંદગી સતત માંગણ જ બનવું પડે એવી એની હાલત હોય છે.'

પાંજરાપોળની દાન-અરજીઓના થપ્પે થપ્પાઓ... એક એક પાંજરાપોળોએ કરેલી પોતાની સ્થિતિનું કરુણ બયાન... 'ભયંકર કટોકટી... ગંભીર પરિસ્થિતિ... અસહ્ય આવશ્યકતા.. અસહ્ય ભાવવધારો.. ભયંકર દુકાળ...' આ બધાં શબ્દો યા માણસને દ્રવિત કરી દે ને યા દાન/ધર્મથી વિમુખ કરી દે એવા હોય છે. જો 'ધર્મ' ખુદ જ આટલો દયનીય અને બિચારો હોય, તો એ અમને શું આપવાનો- આવી વિચારધારાનું બીજ તો એ અરજીઓ નહીં બની જતી હોય ને ? આવો વિચાર સહજપણે ઉદ્ભવે છે.

ખેર, Let's Come to the point. મનોમંથન એ થાય, કે શું આ જ ખરી વ્યવસ્થા છે ? શું એ જીવોની દયા આ જ રીતે થઈ શકે ? પ્રાચીન કાળમાં પણ આ જ રીતે આવી સંસ્થાઓ હતી ને આ જ રીતે અરજીઓ મોકલાતી ? ને આ જ રીતે ટ્રસ્ટીઓ ઉજાગરા કરતા હતા ?

શ્રાવક પોતાના પરિવારનું ભરણ-પોષણ કરે. શક્તિ પહોંચતી હોય અને તથાવિધ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના સંયોગો હોય તો શાસનપ્રભાવનાના અંગ તરીકે અને પોતાની કરુણા ભાવનાને જીવંત રાખનાર તરીકે અનુકંપા-જીવદયાના કાર્ય કરે. એ કાર્યો કરવામાં પણ એની દૃષ્ટિ સ્પષ્ટ હોય, કે

કોઈના ભરણ-પોષણ માટે કરાતો આરંભ-સમારંભ એ પણ હિંસા તો છે જ. પરિવારના ભરણ-પોષણ માટે કે પોતાના ભરણ-પોષણા માટે કરાતો આરંભ-સમારંભ પણ હિંસા જ છે અને તાત્ત્વિક દૃષ્ટિએ હેય છે. છતાં જ્યાં સુધી ચારિત્ર ન મળે ત્યાં સુધી અશક્યપરિહારરૂપે જેનો ત્યાગ થવો શક્ય નથી, એ રૂપે પોતાના અને પરિવારના ભરણપોષણ માટે કરાતી હિંસા શ્રાવકને કરવી પડે છે. એ કથળતા હૈયે એ હિંસા કરે. પણ રોજ દશ ગરીબને જમાડવા-એમના માટે દશ જણની રસોઈ કરાવડાવવી- આવું શ્રાવક ન કરે. કારણ કે શ્રાવકને ખબર છે કે આમાં દશ જીવનું પેટ ભરવા માટે અસંખ્ય અને અનંત જીવોની હિંસા કરવી પડશે. શ્રાવક માંગવા આવેલાને પણ છરી/ઘંટી/ગાડું વગેરે ન આપે. ગાડું, ઘંટી વગેરેને જોડીને ન રાખે, વગેરે યોગશાસ્ત્રાદિમાં કહેલ શ્રાવકાચારનું આ જ હાર્દ છે.

જ્યારે એ દશનું પેટ ભરવાથી જિનશાસનની પ્રભાવના થતી હોય, ઘણા લોકોમાં જિનશાસન પ્રશંસાપાત્ર બનતું હોય, ત્યારે એ પ્રવૃત્તિ હિંસા મટીને અહિંસા બને છે. કારણ કે જિનશાસનની અભિમુખ થયેલા તે લોકો વહેલા-મોડા પણ સમ્યક્ત્વાદિ પામીને મોક્ષે જાય છે, અને તેમના તરફથી ચૌદ રાજલોકના સર્વ જીવોને શાશ્વત અભયદાન મળે છે. દીન-ક્ષીણ પ્રત્યે અનુકંપાદાન ન દીધું - આ અતિચારવાક્યના રહસ્યો ઘણા ગંભીર છે.

રાજપ્રશ્નીય આગમમાં કેશીસ્વામી પ્રદેશી રાજાને કહે છે કે - **मा णं तुमं पएसी ! पुव्विं रमणिज्जे भवित्ता पच्छा अरमणिज्जे भविज्जासि** - તેમાં આ આશય છે, કે આપ પહેલા બીજાને દાન આપતા હતાં તે હવે જૈન બનીને બંધ નહીં કરતાં. કારણ કે તેનાથી અમને અંતરાયનું પાપ લાગે અને જૈન ધર્મની અપભ્રાજના થાય.

જિનશાસનની પ્રભાવનાના દૃષ્ટિકોણને સમજ્યા વિના, આદર્યા વિના ફક્ત 'દયા'ના નામે થતી જીવદયા અને અનુકંપાની પ્રવૃત્તિઓ કરનારા હકીકતમાં તાત્ત્વિક 'દયા'ને સમજ્યા હોતા નથી.

ધર્મને જો ગૌરવ અપાવવું હોય, તો ધર્મમાંથી પૈસાની બાબતોને શક્ય એટલી દૂર રાખવી જોઈએ. વ્યક્તિગતરૂપે જે-તે વ્યક્તિ જે-તે દાન આપે

એનો વાંધો નથી, પણ સમષ્ટિમાં લોકો ભેગા થયા નથી ને પૈસાની વાત આવી નથી, આ સ્થિતિ ખૂબ જ જોખમી છે. સમવસરણમાં ફંડ કરવું હોય, તો અબજો-અબજોનું ફંડ થઈ શકે. પણ અનંત તીર્થંકરોમાંથી કોઈ પણ તીર્થંકરે કદી પણ આવી પ્રવૃત્તિ કરી નથી. 'પૈસાથી જ કામ થાય' - આ બહુ મોટી ભ્રમણા છે. અનંત તીર્થંકરોએ વ્યક્તિગતરૂપે પૂર્ણ અહિંસક બનવાનો ઉપદેશ આપ્યો છે. વિશ્વમાંથી હિંસા કદી પણ નાબૂદ થઈ નથી ને થવાની પણ નથી. હા, તમે તમારા જીવનમાંથી હિંસાને નાબૂદ કરી શકો છો, એના દ્વારા અનંતાનંત જીવોને અભયદાન પણ આપી શકો છો અને આપના આત્માનું પણ શાશ્વત કલ્યાણ કરી શકો છો. શક્ય પણ આ છે અને કર્તવ્ય પણ આ છે. જ્ઞાન વધારવાના શૂન્ય પ્રયત્ન સામે માત્ર દાન વધારવાના પૂર્ણ પ્રયત્નથી આજે આપણી આવી દશા થઈ છે.

આપણા વડવાઓએ જે-તે સમયમાં એવી આવશ્યકતાઓ જોઈને પાંજરાપોળો ઊભી કરી. અમુક મૂડી, અમુક ગોચર - આ બધાંથી તે પાંજરાપોળોનો નિર્વાહ થતો. શ્રાવકો યથાશક્તિ દાન આપતા રહેતા. જતે સમયે યાંત્રિક યુગ આવ્યો. દયા-કૃતજ્ઞતાની ભાવના ઓછી થઈ. કતલખાનાઓ વધ્યા અને વિકસ્યા. ગેર- કાયદેસર કતલ કરાતા ઢોરોને કાયદાકીય રીતે બચાવી બચાવીને પાંજરાપોળોમાં મોકલવાની પ્રવૃત્તિ વધી, પરિણામે પાંજરાપોળોમાં એની પહોંચની બહારના ઢોરો આવી ગયા. એના પરિણામે પાંજરાપોળો ગંભીર આર્થિક કટોકટીમાં ફસાતી ગઈ.

હજી વધુ દુઃખની વાત તો એ છે કે હજારો-હજારો પશુઓને સમાવ્યા પછી પણ, આકાશ-પાતાળ એક કરી કરીને આર્થિક ભંડોળ લાવ્યા પછી પણ, આપણે જેટલા પશુઓને બચાવીએ છીએ એના કરતા ૧૦૦ ગણા કે હજારોગણા પશુઓ તો કપાઈ જાય છે. આ સ્થિતિમાં નક્કર ઉપાય શું હોઈ શકે ?

*** સંભવિત ઉપાયો :-**

- ભગવાનનો મૂળ માર્ગ ઉપદેશનો છે. સદુપદેશ આપવા દ્વારા જાહેર જનતામાં દયા અને કૃતજ્ઞતાની ભાવનાને સતેજ કરવામાં આવે. દરેક

વ્યક્તિ પોતાના ઢોરોને વૃદ્ધાવસ્થામાં સાચવે. આથી આગળ વધીને દરેક વ્યક્તિ બીજા રખડતા પશુ-પંખી માટે પોતાના ઘર પાસે પાણીની વ્યવસ્થા રાખે અને પોતાની વધેલી રસોઈ વગેરે ખોરાક તેમના પેટનો ખાડો પૂરે એવી ભાવના રાખે, એવો પ્રયાસ કરે.

- વિવિધ ધર્મોના સિદ્ધાન્તો, પ્રાચીન/આધુનિક ઉદાહરણો, જીવદયાનો મહામહિમા, આલોક-પરલોકમાં એના મીઠા ફળો-વગેરેનો ઉપદેશ જાહેર જનતાને સતત આપવામાં આવે.
- દેશી ગાયો શૂન્ય મેઈન્ટેનન્સવાળી હોય છે. એમનાથી પેદા થતા પંચગવ્યમાં અજબ-ગજબ રોગોને મટાડવાની શક્તિ છે. સાત વર્ષના એક બાળકને લિવર સોરાઈસીસ થયું હતું. અને ડોક્ટરોએ જ્યારે પોતાના હાથ ઊંચા કરી નાંખ્યા હતા, ત્યારે માત્ર ગોબરના પાણીથી સાત દિવસમાં તેનું લિવર કાર્યરત થયું હતું. સમગ્ર દેશમાં દેશી ગાય આધારિત કૃષિ અપનાવાય, કેમિકલ ફર્ટીલાઈઝર્સ અને પેસ્ટીસાઈડ્સ વગરના અનાજ/શાકભાજી/ફળ-ફૂલ અપનાવાય, તો ૧૨૫ કરોડ દેશવાસીઓના આરોગ્યમાં ચમત્કારિક પરિવર્તનો આવી શકે છે. આ વાત જનતાના મનમાં ઠસાવાય.
- કેમિકલ ફર્ટીલાઈઝર્સ અને પેસ્ટીસાઈડ્સને અપાતી ૩ લાખ કરોડની સબસીડી પશુ આધારિત આયોજનોમાં લગાડી દેવામાં આવે, તો દેશમાં જન્મતું નવું બાળક ૩૩,૦૦૦ રૂપિયાના ભારણમાંથી મુક્ત થઈ શકે. વીયેટનામની સરકારે દેશના પ્રત્યેક પરિવારને એક એકર જમીન અને એક ગાય આપી હતી. જેનાથી સમગ્ર દેશની બંજર જમીન ફળદ્રુપ બની ગઈ ને વીયેટનામ યુદ્ધની વિનાશક દોઝખોમાંથી બહાર આવી ગયું - આ વાત પણ જાહેર જનતાને સમજાવાય.
- જર્સી ગાય લાવવી-રાખવી-બનાવવી - આ બધું પણ કતલને ઉત્તેજન આપવા જેવું છે. જર્સી ગાયો સતત ખાતી રહેતી હોવાથી તેઓ અવાર-નવાર માંદી પડે છે, તેથી તેમને સતત એન્ટીબાયોટિક્સ આપવી પડે છે. તેમના મિથેન ગેસના કારણે ઓઝોનના લેયરમાં ગાબડા પડે છે. અને તેમનું દૂધ ઘણાં રોગોનું સર્જનહાર છે. તેમના દૂધમાં બી.સી.એમ.

૭ નામના ૭ એમીનો એસિડ્સ હોય છે. જેઓ માણસની ડાયજેસ્ટીવ સિસ્ટમ, આંતરિક અવયવો અને મગજ ઉપર કુઠારાઘાત કરે છે. ન્યુઝીલેન્ડના વેટરનરી સાયન્ટીસ્ટ પ્રોફેસર ઈથ વુડવડના મત પ્રમાણે ટાઈપ-૧ ડાયાબિટીસ, હાર્ટ ડિસીઝ, ઓટિઝમ અને અન્ય નોન કોમ્યુનિકેબલ રોગોને જન્મ આપનાર જર્સી ગાયનું દૂધ છે. બાળકોમાં પેટ, છાતી અને કાનના રોગો અને મોટાઓમાં ટોન્સિલ જેવા રોગોને પણ આ દૂધ જન્મ આપે છે.

'સંકર ગાય-ઘણો દૂધ' આ જાહેરાત ભારતના ગામડે ગમડે થઈ રહી છે. જે આરોગ્ય દૃષ્ટિએ તો હાનિકારક છે જ, જીવદયાની દૃષ્ટિએ પણ ભયાનક છે. જનતાને આરોગ્યદૃષ્ટિ સમજાવવાથી આનુષંગિક રીતે 'જીવદયા' ની પણ સિદ્ધિ થઈ જશે. કારણ કે દેશી પશુઓ જન્મે ત્યારથી માંડીને કુદરતી રીતે મરે ત્યાં સુધી કોઈને કોઈ રીતે ઉપકારક બનતા રહે છે.

- જે જગ્યા પર તબેલાઓ છે ત્યાં આજુ-બાજુના મકાનોમાં આજે પણ કોઈને મલેરિયાનો તાવ નથી આવતો એ અનુભવસિદ્ધ છે. આ રીતે દૂધ ન આપતા ને ગામમાં છુટ્ટા ફરતાં ઢોરો પણ ગામનું પશુધન છે. ગામના આરોગ્ય માટે ખૂબ જરૂરી છે. એમની નજીવી સાર-સંભાળ આપણને અઢળક બચત અને સુખ-શાંતિ આપે છે. એમની કહેવાતી ગંદકી આપણા માટે ખૂબ ખૂબ આશીર્વાદરૂપ બની રહે છે. - આ બાબતોને જાહેર જનતામાં ઠોસ રીતે જણાવવી જોઈએ.
- જે માતાનું દૂધ આપણે છ મહિના પીએ છીએ, તે માતાને પણ આપણે એની વૃદ્ધાવસ્થામાં ઘરડાઘરે નથી મોકલતા, તો જીવનભર જે ગાયમાતાનું દૂધ પીએ છીએ, તેને કતલખાને શી રીતે મોકલી શકાય ? આપણે જો તેમને કતલખાને મોકલીએ તો આપણે કસાઈ જેવા છીએ અને પાંજરાપોળે મોકલી દઈએ, તો આપણે મા-બાપને ઘરડાઘરમાં મોકલતા નાલાયક દીકરા જેવા છીએ. આવું કરવાને બદલે આપણે તેમને સાચવી લઈએ તો આપણને આરોગ્યનો લાભ મળશે, તે પશુઓની આંતરડી

ઠરશે ને તેમની દુઆઓથી આપણું ભલું થશે- આ વાત જનતાના મનમાં ઠસાવાય.

**✻ વિકેન્દ્રિતતા એ જ નક્કર ઉપાય**

એકાદ-બે પશુના ચારા-પાણી માટે કોઈ ફંડ કરવું પડતું નથી. એકાદ-બે પશુના નિર્વાહમાં દુકાળ ખાસ નડી શકતો નથી. એ એકાદ-બે પશુ દ્વારા એ માણસ પોતે ઉપકૃત થયો હોવાથી એમનું પાલન કરવું એ એની નૈતિક ફરજ પણ બની રહે છે. શેષ જે પશુઓ બચ્ચા હોય એમને ઉપરોક્ત સમજાવટથી તે તે ગામ જ દત્તક લઈ લે ને તેમના અન્ન-પાણીની પણ વિકેન્દ્રિત વ્યવસ્થા થઈ જાય. એટલે પાંજરાપોળોનો અબજો રૂપિયાનો ભાર આપોઆપ હળવો થઈ જાય છે.

**✻ ઉપદેશ - માધ્યમ**

- દરેક પાંજરાપોળના વહીવટદારો પોતાની પાંજરાપોળની આજુ-બાજુના ૫૦-૧૦૦ ગામોમાં મહાત્માઓના જાહેર પ્રવચનો, સ્કુલ પ્રવચનો કરાવીને લોકોના અંતરમાં જીવદયાનો પ્રેમ, હિંસાની નફરત, કૃતજ્ઞતાના સંસ્કારો અને નૈતિક ફરજ પ્રત્યેની જાગૃતિનું વાવેતર કરે.
- દેશી/જર્સી પશુ સંબંધી માહિતી, પંચગવ્યની ઉપયોગિતા વગેરે બાબતોનો ઉપદેશ વિશિષ્ટ વક્તા કાર્યકરો દ્વારા પેમ્ફલેટ્સ વગેરે દ્વારા કે અન્ય પ્રસાર માધ્યમો દ્વારા આપવામાં આવે. આ વિષયક ઘણા પુસ્તકો બહાર પડેલ છે. તેમના પર ઓપન બુક એક્ઝામ વગેરે આયોજનો દ્વારા જાહેર જનતામાં વિશેષ જાગૃતિ આવી શકે.
- ગામડે ગામડે દીવાલો વગેરે પર લખાણો, બેનરો, પોસ્ટરો, મૌખિક ઉદ્ઘોષણાઓ વગેરે પણ જનમાનસમાં પરિવર્તન લાવી શકે.
- કતલખાનાની માહિતી આપતા સાહિત્ય અને પ્રસાર માધ્યમોથી પ્રાણીજ ઉત્પાદનોના સંપૂર્ણ બહિષ્કારની પ્રેરણા ભારપૂર્વક કરવામાં આવે. આ વિષયક ખાસ પ્રવચન તૈયાર કરીને તેને દરેક ગામમાં અસરકારક રીતે પ્રસ્તુત કરવામાં આવે.

## * દીર્ઘદૃષ્ટિ અને અગમચેતી

એક ગામ પર્વતના શિખર પર વસેલું હતું. તેની એક બાજુ પર્વતની ઉપરનો સપાટ ભાગ જ્યાં પૂરો થતો હતો, ત્યાં ઊંડી ખીણ હતી. અવાર-નવાર ત્યાંથી માણસો ને પશુઓ પડી જતા. બુરી રીતે ઘાયલ થતા. ગામવાળા સજ્જનો ભેગા થયા. સારું એવું ફંડ કર્યું. ત્યાં ખીણ પાસે સતત એક એમ્બ્યુલન્સ ઊભી રહે એવી જોગવાઈ કરી, ને એમ્બ્યુલન્સ પૂરપાટ દોડી શકે એવો રસ્તો બનાવડાવ્યો. એ ખીણથી પાંચ જ મિનિટના અંતરે મોંઘીદાટ હોસ્પિટલ બનાવી. જે જે માણસ કે પશુ ત્યાં ખીણમાં પડી જાય, તેના માટે તાત્કાલિક સારવાર ઉપલબ્ધ કરાવી દીધી. પણ અફસોસ, કોઈને એ ડેડ એન્ડ પર પાળી બનાવવાનું ન સૂઝ્યું. બસ, હવે કાયમ માટે કોઈ ને કોઈ ત્યાંથી પડતું રહેશે અને (વ્યવસ્થા હશે ત્યાં સુધી) સારવાર થતી રહેશે.

આજે પાંજરાપોળમાં ૫૦-૧૦૦ પશુઓ આવ્યા, હવે એમના ચારા-પાણીની વ્યવસ્થા શી રીતે કરવી એને જ જીવદયાનું સર્વસ્વ સમજી લેતા આપણે બીજા હજારો પશુઓને આ રીતે નોંધારા બનીને ભવિષ્યમાં અહીં આવવું જ ન પડે, એ દિશામાં કોઈ જ પ્રયત્ન ન કરતાં હોઈએ, તો આપણે શું કરી રહ્યા છીએ, એ માટે આપણે ગંભીર વિચાર કરવાની જરૂર છે. આપણી પદ્ધતિએ તો આપણી 'આજ' પણ ખરાબ છે ને 'કાલે શું ?' આ પ્રશ્ન ઓર ભયાનક છે.

'પાંજરાપોળ' એ એક ઉપલક્ષણ છે. ધર્મ જ્ઞાન અને વિવેકથી જ થઈ શકે. સ્વ-પર હિત એ જ્ઞાન અને વિવેકથી જ થઈ શકે - એ સમજવાની આપણે બધાંએ ખાસ જરૂર છે.

(આ લેખમાં ખેતી-પદ્ધતિ અને તથાવિધ અન્ય પણ જે વાતો આનુષંગિક રીતે કહી છે, તે હકીકતમાં 'જીવદયા'ના સમર્થન અને પોષણના ઉદ્દેશ્યથી જ કહી છે.)

પરમ તારક શ્રી જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય,
તો મિચ્છામિ દુક્કડમ્.

सयलम्मि वि जीयलोए
तेण इह घोसिओ अमाघाओ ।
इक्कं पि जो दुहत्तं
सत्तं बोहेज्ज जिणवयणे ॥

સંસારમાં દુઃખી થઈ રહેલ એક પણ જીવને જે જિનવચનનો બોધ પમાડે, તેણે હકીકતમાં સમસ્ત વિશ્વની અંદર અભયદાનની ઘોષણા કરેલી છે. કારણ કે જિનવચનનો બોધ પામનાર આત્મા અલ્પ સમયમાં પરમ પદ પામે છે અને કાયમ માટે હિંસામુક્ત થઈ જાય છે. વિશ્વના સર્વ જીવોને તેના તરફથી શાશ્વત અભયદાન પ્રાપ્ત થઈ જાય છે.

– ઉપદેશમાળામાં
પૂ.ધર્મદાસગણિ મહારાજા

તા.ક. : સત્ય-સંવાદ.

સજ્જન : આ વાછડાં મરી જાય છે એના માટે દોરીથી બાંધીને દૂધની બોટલ રાખવી જોઈએ. જેથી એ ભૂખ્યું થાય, તો જાતે પી શકે.

ટ્રસ્ટીશ્રી : તમારે સલાહ જ આપવી છે ને ? આ બધાં જીવવા લાગશે, તો અહીં પગ મુકવાની જગ્યા નહીં રહે.

મોટા ભાગની પાંજરાપોળોમાં પશુઓ તેમના આયુષ્યને પૂરું કર્યા વિના વહેલા મરી જાય છે, જેનું કારણ નિત્ય ઉણોદરી હોય છે. પચાસ પશુઓને દશ પશુનું ઘાસ નીરવામાં આવે તો શું થાય ? સો પાંજરાપોળના પ્રામાણિક પરીક્ષણ બાદ એક સજ્જને જણાવેલી આ વાત છે.

પ્રભુના મૂળ માર્ગને મુકીને આપણે ક્યાં આવી ગયા ? ટ્રકો પકડવાનો, કેસો લડવાનો અને જિનશાસનની સ્થાવર-જંગમ મિલકતને જોખમમાં મુકવાનો શો અર્થ રહ્યો ? એનો ગંભીરતાથી વિચાર કરવાનો સમય ક્યારનો ય પાકી ગયો છે.

પાંજરાપોળના જ માણસો પશુઓને કસાઈખાને વેંચવા માંડ્યા છે, ત્યારે 'જીવદયા'ની બાબતમાં આપણે 'આગે સે ચલી આતી'-ને જ જડતાથી પકડી રાખશું ? કે શાસ્ત્ર, સદ્‌ગુરુ અને વિવેકબુદ્ધિને પણ કંઈક સાંભળશું ? શું કરવું ? એની તો બધી જ વાત થઈ ચૂકી છે, જરૂર છે એને સ્વીકારવાની. ખરેખર, જબરદસ્ત જીવદયા, સહજ જીવદયા અને પૂર્ણ જીવદયા સાકાર થઈ જશે. ખરેખર.

* * * * *

# ❁ નારી ઉત્કર્ષ ❁

જિનશાસનના શણગાર વિદુષી પ.પૂ. શ્રમણી ભગવંતોના ચરણોમાં મત્થએણ વંદામિ. આપશ્રી સુખ-શાતામાં હશો. આપશ્રીની રત્નત્રયીની આરાધનાની અમે ખૂબ ખૂબ અનુમોદના કરીએ છીએ.

વિશેષ, આજની પરિસ્થિતિ કોઈ પણ ધર્મપ્રેમીને આઘાત પમાડે તેવી છે. આપણા શ્રીસંઘની અંદર પણ ગર્ભપાત, છૂટાછેડા, વ્યભિચાર, આંતરજ્ઞાતીય- આંતરધર્મીય-આંતરદેશીય લગ્ન, તદ્દન અનુચિત પહેરવેષ વગેરે પાપોએ પગપેસારો કરી દીધો છે અને દિવસે દિવસે આ પાપો વધતા જાય છે. ભીતરની સ્થિતિ આ છે, ત્યાં બહારનો ધર્મ ફુગાવા જેવો લાગી રહ્યો છે. કોઈ કોઈને કંઈ પણ કહી શકે તેમ નથી. સમજુ વડીલો સમસમીને બેઠાં છે ને આખો શ્રીસંઘ આ પતનની ખાણમાં ગબડી રહ્યો છે, ત્યારે અમને એક માત્ર આપશ્રીની આશા રહી છે. શ્રીસંઘની આશાના કિરણ સમી, ભાવિ પેઢીના એક માત્ર પાયા સમી, સામાજિક સ્વાસ્થ્યની જીવાદોરી સમી એવી દીકરીઓને સાચું સમજાવવા માટે અને સાચા માર્ગે લાવવા માટે આપશ્રીની સિવાય પ્રાયઃ બીજો કોઈ આધાર નથી.

આ સંધિકાળ છે. હજી કંઈક બચવાની આશા છે, આ સમયે જો આપણે કાંઈ ન કર્યું, તો પછી અવસર જતો રહ્યો હશે. પછી આપણે ફક્ત જોવાનું ને રડવાનું બાકી રહેશે.

વિકૃતિઓના વાવાઝોડામાંથી આપણી દીકરીઓને બચાવી લેવા માટે ખૂબ આશા સાથે અમે આપશ્રીને આ પુસ્તક પાઠવ્યું છે - લવ યુ ડોટર. દીકરી માટે લાઈફ-કોર્સ જેવું આ પુસ્તક છે. તેના આલંબને આપશ્રી પદ્ધતિસરના વાચના-ક્લાસ રાખો અને તેમને આ જીવનોપયોગી બાબતોનું શિક્ષણ આપો એવી અમારી ભાવભરી વિનંતિ છે.

આ ક્લાસની જાહેરાત માટે શ્રીસંઘના બોર્ડ પર મુકવાનું નમૂનાનું

લખાણ આ સાથે પાઠવેલ છે. પ્રભુકૃપાથી આપશ્રીનો આ પ્રયાસ શતમુખ સફળતાને વરે એવી શુભેચ્છાઓ સહ.

સુશ્રાવક બાબુભાઈ સરેમલજી બેડાવાળાના
મત્થએણ વંદામિ

ચૂકશો તો
પેટ ભરીને
પસ્તાશો.

આ છે
તમારી દીકરીનું
જીવનભરનું સુખ
અને તમારી
જીવનભરની હાશ




**જ્ઞાનદાતા**
**પ.પૂ.સાધ્વીશ્રી ...............**

**સ્થળ ...............**

**ફી** : ફક્ત ૨૪ કલાકનો સમય

**તારીખ ......... થી .........**

**પ્રાઈઝ** : જીવનભર
સુખ-શાંતિ-આનંદ

**સમય .......... થી .........**

# શું આ ઘર કોઈનું નથી ?

આખું ગામ તમાશો જોઈ રહ્યું છે. એ ઘરને ચોરોએ ચારે બાજુથી ઘેરી લીધું છે. એનો દરવાજો તોડીને તેઓ અંદર ઘુસી ગયા છે. એ ઘરની એક એક વસ્તુને લઈને તેઓ બહાર ઠાલવી રહ્યા છે. એ ઘરનો સ્ટ્રોંગ રૂમ તૂટી ગયો છે, તિજોરી ખુલી ગઈ છે ને ગણતરીની પળોમાં સફાચટ થઈ ગઈ છે. એ ઘર પૂરેપૂરું લૂંટાઈ રહ્યું છે. તમાશો જોવા આવેલ માણસોના મહેરામણમાં એક નાનો બાળક એના પપ્પાને પૂછે છે - ''પપ્પા ! શું આ ઘર કોઈનું નથી ?''

પપ્પા બાળકના આશયને સમજી જાય છે. જો ઘર છે, તો એ કોઈનું તો હોય જ, પણ એ આટલી બેફામ રીતે લૂંટાઈ રહ્યું છે, ને કોઈનો કશો જ વિરોધ નથી, એ લૂંટમાં કોઈની ય રોક-ટોક નથી, કોઈના પેટનું પાણી ય હલતું નથી, કોઈને કાંઈ ફરક જ પડતો નથી, એનો અર્થ એ છે કે આ ઘર કોઈનું નથી.

વાત જિનશાસનની છે. એ બેફામ રીતે લૂંટાઈ રહ્યું છે, ને આપણે બધાં એવી રીતે જીવી રહ્યા છીએ કે જાણે કશું બન્યું જ નથી, એનો અર્થ એ છે કે જિનશાસન કોઈનું નથી. આપણને એની સાથે કોઈ સ્નાન-સૂતક જ નથી.

વિકૃતિના ચોરો આજે જિનશાસનને ઘેરી વળ્યા છે. આચારમર્યાદાના દરવાજાને તોડીને તેઓ અંદર ઘૂસી ગયા છે. જિનશાસનની એક એક અસ્મિતાને રફે-દફે કરવા સાથે એમણે જિનશાસનના સ્ટ્રોન્ગ રૂમ જેવી શ્રાવક સંસ્થાને તોડી નાંખી છે, એની તિજોરી જેવી શ્રાવિકાસંસ્થાના આભૂષણ જેવી લજ્જાને લૂંટી લીધી છે, એના શીલને ચૂંથી નાંખવા માટે ચાર રસ્તા વચ્ચે મુકી દીધું છે, ને આપણે શું કરી રહ્યા છીએ ? એકદમ ઠંડકથી ફક્ત તમાશો જોઈ રહ્યા છીએ.

મને કહેવા દો, કે શરીરના ગોપનીય અંગો આંખે ઊડીને વળગે એ

રીતે નફ્ફટતાથી છડે ચોક પ્રસ્તુત થાય, એ શ્રાવકની દીકરી હોય ? આધુનિક વેશ્યાઓના નિર્લજ્જ નાચને આદર્શ માનીને જીવતી હોય એ શ્રાવકની દીકરી હોય ? હાઈસ્કૂલના પગથિયાં ચડતા ચડતા ચારિત્રના પગથિયાં ઉતરી ગઈ હોય એ શ્રાવકની દીકરી હોય ? કોલેજના કેમ્પસમાં ખૂણે-ખાંચરે ભરાઈને પોતાના શીલનું ખૂન કરાવવા તલપાપડ હોય એ શ્રાવકની દીકરી હોય ? ઘર સંપન્ન હોવા છતાં શોખ ખાતર આખો દિવસ પરપુરુષો વચ્ચે રહીને 'જોબ' કરવાના ઓરતા કરે એ શ્રાવકની દીકરી હોય ? યા જેને લગ્ન કરવા જ નથી ને યા લગ્ન પછી ય લફરા કરવા છે એ શ્રાવકની દીકરી હોય ? ડચ્ચર સ્વભાવ, ઊંચી અપેક્ષાઓ, દિવસ-રાત રામાયણ ને વાતે વાતે મહાભારત હોય એ શું શ્રાવકની દીકરી હોય ? ઠંડે કલેજે સગાં સંતાનને એબોર્શન દ્વારા મોતને ઘાટ ઉતારી શકે, શું એ શ્રાવકની દીકરી હોય ?

નજર સામે જ્યારે જિનશાસનનું સર્વસ્વ લૂંટાઈ રહ્યું છે, ત્યારે ઠંડે કલેજે ફક્ત આ તમાશો જોતાં રહીશું, તો શું આપણું જૈનત્વ પણ અકબંધ રહેશે ખરું ? મને કહેવા દો, કે આ શ્રાવિકાની ભાવહત્યા છે. આ હત્યાની ભીતરમાં કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યની હત્યા છે. આ હત્યાની ભીતરમાં જગદ્ગુરુ હીરસૂરિજી અને મહોપાધ્યાય યશોવિજયજીની હત્યા છે. વેલ ખુદ જ મરવા પડી હશે, તો એની પાસે ફળની આશા શી રીતે રાખી શકાશે ?

Please tell me, શું તમે જૈન છો ? શું તમે શ્રાવક છો ? તો શ્રાવિકાસંસ્થાને બચાવવા માટે યુદ્ધના ધારણે કામે લાગી જાઓ. તમારે જિનશાસનમાં સંપત્તિનુ યોગદાન આપવુ છે તો 'જૈન ગર્લ્સ ડે સ્કુલ'ના ક્ષેત્રે યોગદાન આપો. વિદ્વાન સાધ્વીજીઓ પાસે જૈન કન્યા શિબિરનું આયોજન કરાવો, બહેનોના ધાર્મિક અને સાંસ્કૃતિક સ્તરને ઉપર લાવતા સાહિત્યના પ્રસારમાં તમારો ફાળો આપો. તમારે જિનશાસનમાં સમયનું યોગદાન આપવું છે, તો ઉપરોક્ત આયોજનોને સફળ કરવા માટે સમય આપો. તમારે જિનશાસનમાં તમારી ટેલન્ટનું યોગદાન આપવું છે, તો સુલસા ને રેવતી

જેવી શ્રાવિકાઓની હારમાળા શી રીતે સર્જી શકાય, એ દિશામાં તમારા મગજને દોડાવવાનું શરૂ કરી દો.

લાખો જૈનોની વસતિ ધરાવતા શહેરમાં ય એકાદ પણ જૈન ગર્લ્સ કે સ્કૂલ ન હોય, એનો અર્થ એ જ છે કે આપણને આપણી દીકરીઓની કશી જ પડી નથી. એ અલ્લડ, નફ્ફટ, ધર્મહીન અને છાકટી બની જશે એની આપણને કોઈ જ ચિંતા નથી. એ કોઈ વિધર્મી સાથે ભાગી જશે. એનો આપણને કોઈ જ ડર નથી. શા માટે આપણે આપણી જ દીકરીઓ માટે કોઈ વ્યવસ્થા નથી કરી શકતા ? શું ખૂટે છે ? જમીન નથી ? મકાન નથી ? સ્વયંસેવકો નથી ? મને કહેવા દો, કે આપણને કોઈ રસ જ નથી. શું એવો કોઈ શ્રાવક ન હોય જે પોતાનો બંગલો તોડીને ત્યાં આવું આયોજન કરવાનું આમંત્રણ આપે ? શું એવો એક શ્રાવક ન હોય જે તપોવન જેવી સંસ્થાને કહી દે, 'બધો લાભ મારો, તમે જિનશાસનની દીકરીઓને બચાવી લો. દીકરી બચશે તો પરિવાર બચશે, પરિવાર બચશે તો સંઘ બચશે, સંઘ બચશે તો મારા પ્રભુનું શાસન બચશે.'

શું કોઈ જ આવો શ્રાવક નથી ? એકાદ પણ નહીં ? તો પછી એમ જ માનવું પડશે કે આ ઘર કોઈનું નથી.

✳ ✳ ✳ ✳ ✳

# માતૃ-શ્રદ્ધાંજલિ

ધર્મસંસ્કરણદાતા જનનીની વિદાયથી દુઃખ થાય
એ સહજ છે,
છતાં જિનશાસનને પામીને
**मरणं प्रकृतिः शरीरिणां** - મૃત્યુ એ દેહધારીનો સ્વભાવ છે -
આ સમજીને તથા
એક આત્મા જિનશાસનની આરાધના કરીને
મોક્ષયાત્રાને આગળ વધારી ગયો
અને શાશ્વતપદની સમીપ જતો રહ્યો
આ વાસ્તવિકતાને સમજીને
હવે આપના જેવા સમજુએ એટલું જ કરવા જેવું છે,
કે એ માતાએ
જે કષ્ટો સહન કરીને આપણો ભાર ઉપાડ્યો.
જે વેદના સહીને આપણને જન્મ આપ્યો,
અને જે પરિશ્રમ લઈને આપણને ઉછેર્યા
એને આપણે ખરા અર્થમાં સફળ કરીએ,
સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વિશુદ્ધ આરાધના
એ જ આપણી માતાના સર્વ ઉપકારોનો સાચો બદલો છે.
સ્વર્ગત માતા પ્રત્યે આનાથી મોટી શ્રદ્ધાંજલિ બીજી કોઈ જ નથી.
આ જીવનને ધન પાછળ કે સુખભોગ પાછળ વેડફી દેવું
એ માતાના ભગીરથ યોગદાનનું સૌથી નીચા સ્તરનું અપમાન છે.
માતા આપણામાં સંસ્કારોરૂપે જીવે
આરાધનારૂપે જીવે, ધર્મભાવનારૂપે જીવે
એ જ આપણો પુત્રધર્મ છે.
આપ સમજુ છો, માતાને આ જીવનદાન આપીને
શ્રેષ્ઠ રીતે પુત્રધર્મ બજાવો એ જ શુભેચ્છા સહ ધર્મલાભ.

# The Secret of the સંયમ

Why સંયમ ?
સુખ માટે.

સુખ આઝાદીમાં જ હોઈ શકે, ગુલામીમાં નહીં
તમે ફોનથી સુખી છો, તો તમે સુખી નથી,
ફોનના ગુલામ છો.
તમે પૈસાથી સુખી છો, તો તમે સુખી નથી,
પૈસાના ગુલામ છો.
તમે પરિવારથી સુખી છો, તો તમે સુખી નથી,
પરિવારના ગુલામ છો.
તમે બંગલા, ગાડી ને ઓફિસથી સુખી છો,
તો તમે સુખી નથી, આ બધાના ગુલામ છો.

જ્યારે આ બધી વસ્તુમાં સ્મોલ પણ ડિફેક્ટ આવી
કે એ વસ્તુ ડિસ્ટ્રોય્ડ થઈ ગઈ,
ત્યારે તમે ગયા,
ત્યારે તમે ધ્રુસકે ને ધ્રુસકે રડશો.

સુખી થવાની પહેલી શરત આઝાદી છે.
દુનિયાની બધી જ વસ્તુનું એટેચમેન્ટ છૂટી જાય,
તમારી પાસે જે છે એનું પઝેશન છૂટી જાય,
એક રૂપિયો પણ મેળવવાની તમારી ઈચ્છા છૂટી જાય,
ને પોતાના શરીરની પણ ચિંતા છૂટી જાય,
ત્યારે તમે એક્ચ્યુલી આઝાદ થયા છો,
ત્યારે તમે રિયલી સુખી થયા છો.

ત્યાગ અને વૈરાગ્યનો માર્ગ એ જ સુખનો માર્ગ છે.
એટેચમેન્ટ અને પઝેશનનો માર્ગ
એ દોડનો, હાંફનો, થાકનો, એન્ગરનો,
ચિંતાનો, ભયનો અને આંસુનો માર્ગ છે.

સંયમ is the heaven.
This is not only a theory.
Thousands of Jain Saints
are realy taking this experience in their life.

તમે ઈચ્છો
તો તમે ય લઈ શકો છો
આ એક્સપિરિયન્સ.
ખરેખર.

* * * * *

# * દીક્ષા મુહૂર્તની વિનંતી *

પ્રભુ વીરની પાવન પરંપરાને અલંકૃત કરનારા
આપ પૂજનીય ગુરુ ભગવંતોના ચરણોમાં અમારા કોટિ કોટિ વંદન.
અમારા પરિવારના પરમ પુણ્યના ઉદયથી
અમારા પરિવારના ગૌરવ
મોક્ષેશને સંયમની વાટે સંચરવાનો મનોરથ થયો.
દેવ-ગુરુની કૃપા એના પર અનરાધાર વરસી.
એનો વૈરાગ્ય જ્વલંત બન્યો.
એની જ્ઞાનસાધના સતેજ બની.
એના હૃદયમાં સમર્પણની સંવેદના વહેવા લાગી.
પ્રભુની આજ્ઞાનું પાલન એ જ આ જીવનનો સાર છે
એ વાત એના મનમાં સજ્જડ બેસી ગઈ
એક બાજુ એના પુરુષાર્થની ધારા પણ ચાલી
ને બીજી બાજુ અમારું સંતાન જિનશાસનની થાપણ છે
અમે આપેલા સંસ્કારોનું આથી ઉત્કૃષ્ટ ફળ બીજું કોઈ જ નથી.
આ તત્ત્વની પરિણતિ અમને પણ પ્રાપ્ત થઈ
ને પરિણામે આજે અમારો પરિવાર આપની સમક્ષ
ઉપસ્થિત થઈને વિનંતિ કરી રહ્યો છે
કે આપ અમારા કુળદીપક મોક્ષેશની દીક્ષાનું
એવું મંગલ મુહૂર્ત આપો
કે જે પાવન પળે એણે કરેલો સંયમ સ્વીકાર
માત્ર એના જ નહીં, પણ અમારા સમગ્ર પરિવારનો પણ
સંસારસાગરથી નિસ્તાર કરીને રહે.
ગુરુજી અમારો અંતરનાદ
સંયમનું દ્યો મુહૂર્ત દાન.                    લિ.

# * આ રહ્યો મોક્ષ *

પરમ પાવન શ્રી ભગવતીસૂત્રની એક ઘટના છે. ગૌતમસ્વામી છટ્ઠના પારણે ગોચરીએ નીકળ્યા છે. અતિમુક્તકુમાર રમી રહ્યા છે. ગૌતમસ્વામીના દર્શન થાય છે. ને ગૌતમસ્વામી ગમી જાય છે. સાધનાનું પ્રથમ પગથિયું છે સદ્‌ગુરુ ગમવા. **हरति कण्टक एव हि कण्टकम् !** પ્રશસ્ત રાગ એ અપ્રશસ્ત રાગનું પ્રથમ ઔષધ છે. પૈસાનો પ્રેમ નથી છૂટતો ? પરમાત્માના પ્રેમમાં પાગલ બની જાઓ. વિજાતીયનું આકર્ષણ ખૂબ સતાવે છે ? સદ્‌ગુરુની અસ્મિતા પર ઓવારી જાઓ. શરીરની આસક્તિ છૂટતી નથી ? સાધનાના આશિક બની જાઓ.

અતિમુક્તની આંખે આજે સદ્‌ગુરુને જોવાનો પ્રયાસ કરવો છે, એ આંખ જેમાં વિસ્મય છે, અહોભાવ છે, આદર છે, પ્રેમ છે... એ આંખમાં છે મોક્ષમાર્ગનું પ્રથમ પગલું, જેની અંદર હકીકતમાં આખો ય મોક્ષમાર્ગ સમાઈ ગયો છે.

**આપણે પહોંચ્યાના વાવડ હોય છે**
**આપણે કદી નીકળ્યા નથી હોતા.**

ખરો સવાલ પહોંચવાનો નથી, નીકળવાનો છે, જે નીકળશે એ પહોંચશે જ. યાત્રાનું સૌથી અઘરું ચરણ છે પહેલું ચરણ - સદ્‌ગુરુ ગમવા.

અતિમુક્તકુમાર ગૌતમસ્વામીને પૂછે છે - **'के णं भंते तुब्भे ? किं वा अडह ?'** હે ભગવંત, આપ કોણ છો ? આપ શા માટે ફરી રહ્યા છો ? સાધનાનું બીજું પગથિયું છે સદ્‌ગુરુની જિજ્ઞાસા થવી. ગૌતમસ્વામી નિર્ગ્રંથ શ્રમણ તરીકે પોતાનો પરિચય આપે છે, ને અતિમુક્તકુમારના અહોભાવના ગુણાકાર થાય છે. સદ્‌ગુરુ આપણું સર્વસ્વ ન બની ગયા હોય, એનો અર્થ એ છે કે હજી સુધી આપણે સદ્‌ગુરુને ઓળખ્યા નથી.

ગૌતમસ્વામી જ્યારે કહે છે કે હું નિર્દોષ ભિક્ષાચર્યા માટે ફરું છું, ત્યારે અતિમુક્તકુમાર સોળે કળાએ ખીલી ઉઠે છે. **एह भंते अहं तुब्भं भिक्खं**

**दवावेमि ।** પધારો મારા ઘરે, હું આપને ભિક્ષા અપાવું. **तओ से अइमुत्ते कुमारे गोयमं अणगारं अंगुलिए गेण्हइ ।** પછી તે અતિમુક્તકુમાર ગૌતમ અણગારને આંગળીથી પકડે છે. સાધનાનું ત્રીજું પગથિયું છે સદ્‌ગુરુને પકડવા. સુધર્માસ્વામીના શબ્દો ગજબનાક છે. એ એમ નથી કહેતા કે અતિમુક્તકુમાર ગૌતમસ્વામીની આંગળી પકડે છે, એ કહે છે - એ આંગળી દ્વારા ગૌતમ સ્વામીને પકડે છે. આંગળી માધ્યમ છે. સદ્‌ગુરુ સાધ્ય છે. દેખીતી રીતે અતિમુક્તકુમારે આંગળી પકડી હતી, હકીકતમાં એણે ગૌતમસ્વામીને પકડ્યા હતાં. આગંળી એ આજ્ઞાનું પ્રતિક છે. સદ્‌ગુરુને પકડવાનું માધ્યમ છે આજ્ઞા. સદ્‌ગુરુની આજ્ઞાને પકડી એટલે તમે સદ્‌ગુરુને પકડ્યા. પરમ પાવન **શ્રીપંચસૂત્ર** કહે છે - **आणाकंखी... સદ્‌ગુરુની આજ્ઞાને પામવાની તમન્ના... आणापडिच्छगे... સદ્‌ગુરુની આજ્ઞા થતાની સાથે રોમ રોમના ખોળે એને ઝીલી લેવાની સજ્જતા... आणाअविराहगे... એ આજ્ઞાના પાલનમાં ઓગણીશ-વીશ ચલાવી લેવાનો ધરાર ઈન્કાર. आणाणिप्फायगे... આજ્ઞાને અડધે રસ્તે છોડી દેવાની તદ્દન લાચારી... આ છે શિષ્યનું લક્ષણ.**

**એ બધાં મેળા મહી ભૂલા પડ્યા**
**જેમણે છોડી તમારી આંગળી.**

અતિમુક્તકુમાર ગૌતમસ્વામીની સાથે સાથે પોતાના ઘરે જાય છે. આ છે સાધનાનું ચોથું પગથિયું. સદ્‌ગુરુની સાથે ચાલવું. સદ્‌ગુરુની સામે થવું એટલે જ સંસાર. સદ્‌ગુરુની સાથે થવું એટલે જ સાધના.

**ષોડશક પ્રકરણ**માં પૂજ્ય **હરિભદ્રસૂરિ** મહારાજા કહે છે -

**चक्षुष्मानेकः स्यादन्योऽन्धस्तन्मतानुवृत्तिपरः ।**
**गन्तारौ गन्तव्यं प्राप्नुत एतौ युगपदेव ॥**

એક વ્યક્તિ જોઈ શકે છે, બીજી વ્યક્તિ અંધ છે. પણ એ અંધ વ્યક્તિ એ દેખતી વ્યક્તિની સાથે... એના નિર્દેશાનુસાર ચાલી રહી છે. જ્યાં દેખતી વ્યક્તિ પહોંચી જાય છે. ત્યાં જ અંધ વ્યક્તિ પણ પહોંચી જાય છે.

**સદ્‌ગુરુના સાન્નિધ્યમાં... એમની સાથે ચાલવામાં... બરાબર એટલો**

**જ લાભ છે, જેટલો લાભ સદ્ગુરુને પોતાને છે. સાધના અઘરી છે એ આપણી બહુ મોટી ગેરસમજ છે. દુનિયાની સહેલામાં સહેલી વસ્તુ સાધના છે, શરત એટલી જ કે એ કરવાની આપણી ઈચ્છા હોવી જોઈએ.**

અતિમુક્તકુમાર ગૌતમસ્વામી સાથે પોતાના ઘરે પહોંચી જાય છે. સદ્ગુરુની સાથે ચાલીને આપણે ત્યાં પહોંચશું, જે આપણું પોતાનું ઘર હશે. એ છે આપણું શુદ્ધ આત્મસ્વરૂપ. ઘરે પહોંચવાનો આની સિવાય બીજો કોઈ જ ઉપાય નથી. ઘર એ ઘર બીજા બધા દર. સ્વરૂપ સિવાય ક્યાંય સુખ-શાંતિ મળવી શક્ય નથી. ભારતમાં જો ઓસ્ટ્રેલિયા મળી શકે, તો સ્વરૂપની બહાર સુખ મળી શકે. જ્ઞાનસારમાં મહોપાધ્યાયજી કહે છે.

**वत्स किं चञ्चलस्वान्तो भ्रान्त्वा भ्रान्त्वा विषीदसि ।**
**निधिं स्वसन्निधावेव स्थिरता दर्शयिष्यति ॥**

વત્સ ! શા માટે તું ચંચળ મનથી દોડી દોડીને દુઃખી થાય છે ? તું સ્થિર થા, ભીતરમાં જા, તારી પાસે જ તને ખજાનો દેખાઈ જશે.

અતિમુક્તકુમાર ગૌતમસ્વામીના પાત્રમાં ગોચરી વહોરાવે છે. વાસણ ઊંધું વાળી દે છે. જે હતું એ ગૌતમસ્વામીને સમર્પિત કરી દે છે. સાધનાનું પાંચમું અને અંતિમ પગથિયું આ છે - સદ્ગુરુને સર્વસ્વ અર્પી દેવું. **ગુરુત્વના પાત્રમાં શિષ્યત્વની ભિક્ષા એનું નામ દીક્ષા.** ગુરુત્વનો અર્થ છે પાત્રતા. શિષ્યત્વનો અર્થ છે સમર્પિતતા. ગુરુત્વ વગરના ગુરુ અને શિષ્યત્વ વગરના શિષ્ય આ બંને પોતાની જ મશ્કરી છે.

પૂર્ણ સમર્પણ એટલે શિષ્યત્વ.
વિસર્જિત વ્યક્તિત્વ એટલે શિષ્યત્વ.
ઓગળેલી અસ્મિતા એટલે શિષ્યત્વ.

ગુરુત્વના પાત્રમાં શિષ્યત્વ સમર્પિત થઈ જાય એ સર્વોત્કૃષ્ટ સુપાત્રદાન છે. **अहं भे सिस्सभिक्खं दलयामि पडिच्छउ भयवं सिस्सभिक्खं ।** વ્યવહારથી માતા વગેરે શિષ્યભિક્ષા આપે છે. નિશ્ચયથી શિષ્ય ભિક્ષા આપવાનું સામર્થ્ય શિષ્ય સિવાય બીજા કોઈમાં નથી.

ભિખારીને રૂપિયો અપાય છે, દીકરાઓને ભાગ અપાય છે, શરીરને ભોજન અપાય છે, પરિવારને પોષણ અપાય છે. સદ્ગુરુને શું આપવાનું ? સદ્ગુરુને સર્વસ્વ કરતાં થોડું પણ ઓછું આપવું, એ સદ્ગુરુની અવગણના છે, એ સદ્ગુરુનું અવમૂલ્યાંકન છે. એનો અર્થ એ છે કે આપણે સદ્ગુરુને સમજ્યા જ નથી.

**का भक्तिस्तस्य येनात्मा, सर्वथा न नियुज्यते ?।**
**अभक्तेः फलमेवाऽऽहु-रंशेनाप्यनियोजनम् ॥**

સદ્ગુરુને આપવામાં અંશ પણ બાકી રાખવો એ સદ્ગુરુની અભક્તિ છે. જ્યાં સુધી આત્મસમર્પણ નથી ત્યાં સુધી ભક્તિ નથી. સદ્ગુરુને પાંચ-પચ્ચીશ મિનિટ નહીં, તમારું જીવન આપો. સદ્ગુરુને તમારો અહમ્ આપો, સદ્ગુરુને આપવામાં જે બાકી રહી જશે, એ ઝેર બની જશે. એ આપણને મારી નાંખશે. બચવું હોય, તો સમર્પણ સિવાય કોઈ વિકલ્પ જ નથી.

જ્યારે 'હું' જ સદ્ગુરુમાં વિલીન થઈ જશે, ત્યારે બાકી શું રહેશે ? 'હું'નો અર્થ છે સંસાર અને સદ્ગુરુનો અર્થ છે મોક્ષ. અષ્ટાવક્ર ગીતા કહે છે -

**यदा नाहं तदा मोक्षो यदाऽहं बन्धनं तदा ।**

જ્યારે 'હું' નથી ત્યારે મોક્ષ છે. જ્યારે હું છું ત્યારે બંધન છે.

મોક્ષ માટે કર્મક્ષય જરૂરી છે, કર્મક્ષય માટે મોહક્ષય જરૂરી છે, મોહક્ષય માટે અહંક્ષય જરૂરી છે. અહંક્ષય માટે સદ્ગુરુમાં પૂર્ણપણે સમર્પિત થઈ જવું જરૂરી છે. **અષ્ટકપ્રકરણ**માં પૂ. **હરિભદ્રસૂરિ** મહારાજા કહે છે -

**गुणवत्पारतन्त्र्यं हि तदनुत्कर्षसाधनम्**

સદ્ગુરુ પ્રત્યે સમર્પણ સિવાય મોહક્ષયનો બીજો કોઈ જ ઉપાય નથી.

જે રાખી મુકશું એ રાખ થશે, જે રાખી મુકશું એ આપણને રાખ કરશે, જે રાખી મુકશું એ આપણને સંસારમાં રાખશે. મહો. યશોવિજયજી મહારાજા શ્રીઅનંતનાથ ભગવાનના સ્તવનમાં કહે છે -

**ઉદક બિન્દુ સાગર ભળ્યો જિમ હોય અક્ષય અભંગ**

અળગા રહેવામાં સુકાઈ જવાનું છે, ભળી જવામાં અક્ષય અને અભંગ થઈ જવાનું છે. સાધનાના પહેલા ચાર પગથિયાં પાંચમા પગથિયાની પ્રાપ્તિ માટે છે. પાંચમા પગથિયા પછી મોક્ષ છે. આટલે જ છે મોક્ષ. આ રહ્યો મોક્ષ ચાલો, પહોંચી જઈએ.

(મહા સુદ ૭, વિ.સં.૨૦૭૪,
શારદામંદિર સોસા. પ્લોટ,
મુમુક્ષુ અંકિતભાઈ-દીક્ષા)

* * * * *

## * થોડા ગાંડા થાઓ *

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાનો એક શિખરસ્પર્શી ન્યાયગ્રંથ એટલે ન્યાયાલોક. આ ગ્રંથમાં એક શ્લોક છે –

**अस्मादृशां प्रमादग्रस्तानां चरणकरणहीनानाम् ।**
**अब्धौ पोत इवेह प्रवचनरागः शुभोपायः ।।**

અમારા જેવા પ્રમાદમાં ડુબેલા, ચરણ-કરણમાં હીન જીવોને દરિયામાં નાવડીની જેમ શુભ કરનારું કાંઈ હોય, તો એ છે શાસનરાગ.

આજે તમારા જીવનમાં પાપોનો રાફડો ફાટ્યો છે, લાખો વર્ષોના ઈતિહાસમાં ન મળે એવા પાપો ને પાપના સાધનોએ તમને ભરડામાં લીધા છે. ક્યાં ને કેવા રસ્તે તમારો પૈસો આવે છે ને ક્યાં ને કેવા રસ્તે એ પૈસો જાય છે, એ તમારું મન જાણે છે. ભવસાગરમાં ડુબી જવાની સેંકડો શક્યતાઓ વચ્ચે બચવાનો એક ઉપાય હોઈ શકે છે, એ છે શાસનરાગ. શાસનના એક એક અંગનો અવિહડ અનુરાગ.

પ્રેમ આંધળો હોય છે ને રાગ ગાંડો હોય છે. જે આંધળો હોય એ પ્રેમ છે, જે ગાંડો હોય એ રાગ છે. પ્રકાશભાઈ એટલે એક ગાંડો માણસ. ગોચરી વહોરાવતા પોતાને જમવાનું છે આનું જેને ભાન ન રહે, મહાત્માની ઉપધિ રાખવાની હોય, ત્યારે પોતાના ઘરના સ્કેવર ફીટ કેટલા છે એનો જેને ખ્યાલ ન રહે, દેરાસરમાં બોલી ચાલતી હોય ત્યારે પોતાની કેપેસિટીથી જે તદ્દન અપરિચિત હોય, સાધર્મિકનો સવાલ હોય ત્યારે પોતાનો વિચાર કરવો જેનાથી શક્ય ન હોય, મહાત્માની કોઈપણ પ્રકારની સેવા કરવામાં પોતાના સ્ટેટસથી જે બિલકુલ બેખબર હોય એનું નામ ગાંડો માણસ.

રાગમાં ડહાપણ નથી હોતું, ડહાપણમાં રાગ નથી હોતો. આપણે બધાં સમજુ છીએ, શાણા છીએ, ડાહ્યા છીએ, આપણું ગણિત બહુ પાક્કું છે, ને માટે જ આપણે સંસારની લાતો ખાઈ રહ્યા છીએ. આપણું ડહાપણ નિંદનીય છે, એમનું ગાંડપણ વંદનીય છે. એક કવિએ કહેલી વાત એમનામાં ગજબ રીતે મેચ થાય છે –

**બુદ્ધિનો લાભ એમ ઉઠાવી લીધો અમે**
**સમજી વિચારી એના દિવાના બની ગયા.**

તમારામાં થોડી પણ સમજ હોય, તો શાસન પાછળ ગાંડા બની જાઓ. તમારી બુદ્ધિમત્તાનું આની સિવાય બીજું કોઈ જ ફળ નથી. પ્રકાશભાઈનો આદર્શ આપણને પ્રેરણા આપે છે - થોડા ગાંડા થાઓ. જિનશાસનના એક એક સાધુ-સાધ્વીમાં તમારા સ્વજનને જુઓ, એમની સેવામાં સંપત્તિને જુઓ, શાસનના કામમાં તમારા ઘરનું કામ જુઓ, સંઘની શાતામાં તમારા શરીરની શાતા જુઓ, સીદાતા સાધર્મિકને કંઈક આપીને મોટી કમાણી થઈ હોય તેમ રાજી થાઓ. બસ.... થોડા ગાંડા બનો.

ગાંડપણ તો આપણામાં ય છે, ફક્ત તેનો વિષય જુદો છે. એ છે પત્ની, જેની કંકાસનો અંત નથી. એ છે દીકરો, જે અંતે રોવડાવીને રહે છે. એ છે પૈસો, જે જંપવા કે ઊંઘવા ય દેતો નથી. એ છે સત્તા જેના માથે સતત લટકતી તલવાર છે. એ છે ઘર જે હકીકતમાં ઉપાધિઓનું ઘર છે. એ છે શરીર, જે અંતે સ્મશાનમાં રાખ થઈ જવાનું છે. I ask you ? તમારે શું જોઈએ છે ? સંસાર કે શાસન ? જો શાસનની પાછળ ગાંડા ન બન્યા, તો આપણને સંસાર મળશે, જરૂર મળશે. ફરક ફક્ત એટલો છે - કે એનું સ્વરૂપ જેવું આપણે સુખમય કલ્પ્યું છે, એવું નહીં, પણ ઘોર દુઃખમય છે. સંસાર જરૂર મળશે, પણ એ જેવો છે, તેવો મળશે, આપણે કલ્પેલો નહીં. મૂરખા ન હો, તો શાસન પાછળ ઓવારી જાઓ, શાસન પાછળ પાગલ બની જાઓ. એના એક એક અંગને જોઈને આંખોમાંથી હર્ષના આંસુ સારો. એની અસ્મિતાને જોઈને રોમાંચ અનુભવો. એના પ્રેમમાં પડો, એને જીવનસર્વસ્વ બનાવી દો. સુખી થવાનો આની સિવાય બીજો કોઈ જ ઉપાય નથી.

આજે આપણે બે અભ્યર્થના કરવી છે, એક - એમનો માર્ગ સતત નિષ્કલંક બને. પ્રભુના પગલે પગલે એમની સંયમયાત્રા નિરંતર ઉચ્ચતર લક્ષ્યોને સર કરતી રહે. ને બીજી અભ્યર્થના - પ્રકાશભાઈ મહાત્મા થવા જઈ રહ્યા છે, તો આપણે મહાત્મા નહીં તો કમ સે કમ પ્રકાશભાઈ બનીએ. એમના ગાંડપણને આપણે આપણામાં પરિણમાવવાનો પ્રયાસ કરીએ.

(મહા સુદ ૮, વિ.સં.૨૦૭૪, વીતરાગ સોસાયટી, શાંતિવન, અમદાવાદ, પ્રવ્રજ્યોત્સવ-પ્રવેશ)

## * વાત ચાર ચક્રની *

**(૧) રિપુચક્ર** -

रागद्वेषकषायादि-पीडितानां जनुष्मताम् ।
ऐहिकामुष्मिकान् तान् तान् नानापायान् विचिन्तयेत् ॥

- अध्यात्मसार

को दुक्खं पावेज्जा ? कस्स व सुहेहिं विम्हओ होज्जा ?।
को व ण लभिज्ज मोक्खं ? रागदोसा जइ ण होज्जा ॥

- उपदेशमाला

सत्तू विसं पिसाओ वेयालो हुयवहो वि पज्जलिओ ।
तं ण कुणंति जं कुविआ, कुणंति रागाइणो देहे ॥

- इन्द्रिय पराजयशतक

આંતર શત્રુઓ એ રિપુચક્ર છે. તેઓ અણુબોમ્બ કરતા પણ વધારે ભયાનક છે. દુનિયામાં ડરવા જેવું સ્થાન એમના સિવાય બીજું કોઈ જ નથી.

**(૨) ભવચક્ર** - રિપુચક્રમાંથી ભવચક્રનો ઉદ્ભવ થાય છે.

उदितकषाया रे विषयवशीकृता यान्ति महानरकेषु ।
परिवर्तन्ते रे नियतमनन्तशो जन्मजरामरणेषु ॥

- शान्तसुधारस

अनादिरेष संसारो नानागतिसमाश्रयः ।
पुद्गलानां परावर्त्ता अत्रानन्तास्तथा गताः ॥

- योगबिन्दु

संसारचक्रे भ्रमयन् कुबोध-दण्डेन मां कर्ममहाकुलालः ।
करोति दुःखप्रचयस्थभाण्डं, ततः प्रभो रक्ष जगच्छरव्यः ॥

- साधारण जिनद्वात्रिंशिका

**(૩) દુઃખચક્ર** -

संसारवर्त्त्यपि समुद्विजते विपद्भ्यो, यो नाम मूढमनसां प्रथमः स नूनम् । अम्भोनिधौ निपतितेन शरीरभाजा, संसृज्यतां किमपरं सलिलं

**विहाय ?। आत्मन् परस्त्वमसि साहसिकः श्रुताक्षै-यद् भाविनो चिरचतु-र्गतिदुःखराशीन् । पश्यन्नपि च न बिभेषि ततो न तस्य, विच्छित्तये च यतसे विपरीतकारी ।। - अध्यात्मकल्पद्रुम**

જે ભવચક્રમાં ફસાય છે, એ દુ:ખચક્રથી બચી શકે એ શક્ય જ નથી.

**(૪) સિદ્ધચક્ર** -

રિપુચક્ર, ભવચક્ર અને દુ:ખચક્રનો ઉપાય સિદ્ધચક્ર છે. સમગ્ર મોક્ષમાર્ગ... સમગ્ર શ્રામણ્ય.. સમગ્ર તત્ત્વ... સુખનો સમગ્ર ઉપાય સિદ્ધચક્રની આરાધનામાં સમાયેલો છે.

* * * * *

ત્રણ તબક્કાની સાધના આજે ચરમ સીમાને આંબી રહી છે. તબક્કો નંબર ૧ - **શાસન ગમે.** ધન્ના સાર્થવાહને સદ્ગુરુનો ભેટો થયો, પરિચય થયો, એનાથી પણ મહત્ત્વપૂર્ણ ઘટના એ હતી કે એમને સદ્ગુરુ ગમ્યા. શાસન ગમ્યું. આવશ્યકનિર્યુક્તિ આગમમાં નયસારની ઘટના પણ આ જ છે. વિપાકસૂત્ર આગમમાં સુબાહુકુમારની ઘટના પણ આ જ છે. મોક્ષનું પહેલું પગથિયું આ છે - શાસન ગમે. પરમ પાવન શ્રી ભગવતીસૂત્ર કહે છે - **से य धम्मे मम रुइए ।** ધર્મનો પાયો ધર્મનો ગમો છે. ધર્મના સંપર્કમાં આપણે અનંત વાર આવી ગયા, છતાં આપણું કલ્યાણ એટલા માટે નથી થયું કે ધર્મ આપણને ગમ્યો ન હતો. પાયા વગરનું મકાન હોય, તો ગમા વગરનો ધર્મ હોય. જે ગમતું નથી, એ કદી થતું નથી. આપણા ધર્મમાં જેટલા ગોટાળા છે, એ બધાં હકીકતમાં આપણા ગમાના ગોટાળા છે.

**चौरोदाहरणादत्र, प्रतिपद्यमिदं ततः ।**
**कौशाम्ब्यां स वणिग् भूत्वा, बुद्ध एकः परो न तु ॥** अष्टकप्रकरणम् ॥

પૂર્વભવમાં થયેલ સાધુના ગમા-એ એક આત્માને સમવસરણમાં પ્રવેશ કરાવીને સંયમપ્રાપ્તિ કરાવી, ને બીજો આત્મા કોરો ધાર રહી ગયો.

આજની પળે એ ઘટનાને સામે લાવીએ. મોક્ષેશભાઈ પૂર્વના જન્મમાં કોઈ ગૃહસ્થ હશે. કદાચ જૈન ધર્મ આવું નામ પણ નહીં સાંભળ્યું હોય. ઘરે પંચમહાવ્રતધારી અણગાર પધાર્યા હશે. એ સહસા ઊભા થઈ ગયા હશે, ભાવથી વહોરાવ્યું હશે. મહાત્માની નિઃસંગતાની ઓરા એમને સ્પર્શી હશે, એક અલૌકિક અનુભૂતિ થઈ હશે. મહાત્મા નીચી નજરે નીકળી ગયા હશે, ને આખો દિવસ એમના મનમાં એક વિચાર ઘોળાતો રહ્યો હશે - આ લોકો કેટલા સારા ! એ દિવસ ગમા-મય બની ગયો હશે. શાસનનો ગમો. એ પળોમાં એમણે જે બીજાધાન કર્યું. એ આજે એની વિકાસપ્રક્રિયામાં આગળ વધી રહ્યું છે. પૂ. હરિભદ્રસૂરિ મહારાજા કહે છે - **बीयबीयादिठावणेण ।**

આપણી ફરિયાદ એ છે કે હજી ધર્મ બરાબર પરિણમ્યો નથી, હજી

ધર્મમાં જોઈએ એવો આનંદ નથી આવતો. હકીકતમાં એનું કારણ એટલું જ છે કે આપણે ધર્મના સમ્યક્ બીજાધાન નથી કર્યા. બીજની અંદર આખો વડલો સમાઈ ગયો હોય છે. ગમાની અંદર આખો ધર્મ સમાઈ ગયો હોય છે.

તબક્કો નં.૨ - **શાસન મળે.** તાત્ત્વિક જૈન કુળની અંદર જન્મ મળે એ ગમાનું ફળ છે. આજે જે મુમુક્ષુનું મુહૂર્ત નીકળ્યું છે, એ પરિવારમાં જન્મ લેવા માટે કદાચ દેવોએ પણ મનોરથો કર્યા હશે. જિનશાસનના સુકૃતોની હારમાળા સર્જનાર આ પરિવાર છે. જિનાલયના સ્વદ્રવ્યથી સર્જનથી માંડીને જ્ઞાનભંડાર અને પાઠશાળા જેવા ઉપેક્ષિત ક્ષેત્રોમાં આદર્શ કક્ષાની સેવાનું અર્પણ કરનાર આ પરિવાર છે. જીવરક્ષા અને જીવદયાના રાષ્ટ્રીય કક્ષાના કાર્યો કરનાર પણ આ પરિવાર છે. જે દીકરાને ભણાવી-ગણાવીને મોટો કર્યો હોય. C. A. બનાવ્યો હોય, એ દીકરો સંયમની વાટે સંચરવા માટે થનગની રહ્યો હોય, ત્યારે એક પિતાની સંવેદના શું હોઈ શકે ? તમે કલ્પના કરો, તમારી બધી જ કલ્પનાને ખોટી પાડે, એવી ૨-૩ મહિના પહેલાની ઘટના મારે તમને કહેવી છે. દીક્ષાર્થીના માતા-પિતા કોઈ લગ્ન પ્રસંગમાં ગયા છે. જમવાનો સમય થયો છે. બંને જમી રહ્યા છે. પિતા મીઠાઈ લઈ રહ્યા છે. શ્રાવિકા કહે છે - આપને ડાયાબિટીશ છે, તો મિઠાઈ કેમ લો છો ? ને જિનશાસનના આ શ્રાવકે જવાબ આપ્યો છે, 'મારો દીકરો દીક્ષા લઈ રહ્યો છે, તો મિઠાઈ તો લેવી જ પડશે ને ?'

મુંબઈમાં તેમના ઘરની પાસે પૂ.કલ્યાણરત્નવિજયજી મ.સા.ના પ્રવચનો થયા. વૈરાગ્ય અને સંયમની એમની વાતો સાંભળીને જિનશાસનના આ શ્રાવકે એમની શ્રાવિકાને કહ્યું, 'મને મોક્ષેશ માટે ગર્વ થાય છે.'

આવા પિતા મળે એનું રિઝર્વેશન મોક્ષેશભાઈએ પૂર્વજન્મમાં કરાવેલું હતું. પોતાના સ્વાર્થ અને મોહ ખાતર દીકરાને સંસારના કૂવામાં ધક્કો મારનાર તો લાખો પિતાઓ હોય છે. લાખોમાં એક પિતા સંદીપભાઈ જેવા હોય છે, જે ધક્કો તો મારે છે, પણ પોતાના સ્વાર્થને, જે ઉપેક્ષા તો કરે છે, પણ પોતાના મોહની.

**તે માતાના ચરણે વંદન, તે પિતાના ચરણે વંદન,**
**મહાત્યાગ કરીને જેણે, શાસનને સોંપ્યો નંદન.**

મોક્ષેશભાઈને કદાચ એમના સમગ્ર ભવચક્રમાં જે મા નહીં મળે હોય, એ મા આ ભવમાં મળી છે. જે માએ ફક્ત એમના શરીરની જ ચિંતા નથી કરી, એમના આત્માની પણ ચિંતા કરી છે. જે 'મા'એ જમાનાવાદના ઝેરીલા ઝંઝાવાતોમાં દીકરાને સુરક્ષાકવચ પૂરું પાડ્યું છે. ને જે માએ એક સપનું જોયું છે - કે મારો દીકરો આત્મકલ્યાણ ક્યારે કરે.

આ એક એવી મા છે, જે દીકરાને સંદેશો મોકલે છે, 'બેટા, તારા વિના મને ગમતું નથી, મને રડવું પણ આવે છે, પણ તું મારી ચિંતા નહીં કરતો. તું ત્યાં બરાબર રહેજે, બરાબર ભણજે.'

આ એક એવી મા છે, જેણે એક સ્વપ્ન જોયું છે, કે મને પુત્રમુનિના હાથે રજોહરણની પ્રાપ્તિ થાય.

આ એક એવી મા છે, જેને આ કાળની 'પાહિણી' કહેવામાં કોઈ જ અતિશયોક્તિ નથી.

આ એક એવી મા છે, જે આજની જિન્સી મમ્મીઓને સાચા માતૃત્વનો પરિચય આપી રહી છે. એ કહી રહી છે કે સંતાનોનું પાલન તો કૂતરી પણ કરે છે, દીકરાઓનું પોષણ તો કાગડી પણ કરે છે, એમના શરીરની દેખરેખ તો એક ભૂંડણ પણ રાખતી હોય છે, એમના આ ભવની જ ચિંતા તો શિયાળણી પણ કરતી હોય છે. શું માનવ બનીને પણ આપણે એ જ કરશું ? શું જિનશાસનને પામીને પણ આપણે એના આત્મા અને પરલોકની ચિંતા નહીં કરીએ ? શું આપણી નજરની સામે જ આપણું સંતાન દુર્ગતિઓની અનંત યાત્રાનું પ્રસ્થાન કરી દેશે ? જો હા, તો આપણી જાતને જેટલા ધિક્કારો આપીએ એટલા ઓછા છે, એમના મા-બાપ તરીકે આપણું માથું શરમથી ઝુકી જવું જોઈએ.

આજે મુમુક્ષુની જેટલી અનુમોદના કરીએ, એના કરતા સોગણી અનુમોદના એમના માતા-પિતાની કરવાનું મન થાય. મુમુક્ષુ એમના પરિવારનું

ગૌરવ છે. આવા માતા-પિતા એ જિનશાસનનું ગૌરવ છે.

'શાસન મળે' એટલે આવા માતા-પિતા મળે, 'શાસન મળે' એટલે પ્રભુના સંઘનું વર્તુળ મળે. 'શાસન મળે' એટલે ઈષ્ટદેવતા રૂપે મહાવીર અને ઉપદેશક તરીકે સદ્ગુરુ મળે. 'શાસન મળે' એટલે મોક્ષયાત્રાનું વાહન મળે. 'શાસન મળે' એટલે મોહસંગ્રામનું શસ્ત્ર મળે. 'શાસન મળે' એટલે સાધનાની સામગ્રી મળે. આ બધું મેળવીને કરવાનું શું ? ત્રીજા તબક્કાને પ્રાપ્ત કરવાનો.

ત્રીજો તબક્કો છે - શાસન ફળે. મુમુક્ષુને આજે શાસન ફળી રહ્યું છે. જિનશાસનની બધી જ આરાધનાનું ફળ સર્વવિરતિ છે. તમે કદાચ બીજું બધું જ કરો, પણ સર્વવિરતિ ન લો, એ કદાચ તમને લેવા જેવી પણ ન લાગે, તો તમે જિનશાસનને સમજ્યા નથી. **પુષ્પમાલા**માં મલધારી **હેમચન્દ્રસૂરિ** મહારાજા કહે છે -

**चेइय कुल गण संघे, आयरियाणं च पवयणसुए य ।**
**सव्वेसु वि तेण कयं, तवसंजममुज्जमंतेणं ॥**

ચૈત્ય-કુલ-ગણ-સંઘ-આચાર્ય-પ્રવચન(શાસન) અને શ્રુત - આ બધાંની સેવા તેણે કરી છે, જેણે તપ-સંયમની આરાધના કરી છે. અર્થાત્ તપ-સંયમની આરાધનામાં આ બધી જ સેવા આવી ગઈ.

શ્રાવકત્વ અપવાદ છે, શ્રમણત્વ ઉત્સર્ગ છે, અપવાદ એ જ સાચો જે ઉત્સર્ગસાપેક્ષ હોય. અપવાદ એ જ સાચો જે ઉત્સર્ગપ્રાપક હોય. અપવાદ એ જ સાચો જેમાં પળે પળે ઉત્સર્ગની ઝંખના હોય. ઉપધાન એ દીક્ષા માટે છે, ૯૯ એ દીક્ષા માટે છે, જિનાલય એ દીક્ષા માટે છે, તીર્થ એ દીક્ષા માટે છે, સામાયિક-પૌષધ એ દીક્ષા માટે છે, શ્રાવકપણાની બધી જ આરાધના દીક્ષાની પ્રાપ્તિ માટે છે. એ બધી આરાધના કરવી પણ દીક્ષા ન લેવી/લેવા જેવી ન માનવી, એ એના જેવી વસ્તુ છે, કે C.A. સુધીની બધી જ તૈયારી કરીને C.A.ની exam પણ આપવી, પણ C.A.નું Result જ લેવા ન જવું.

આંબો ફળે તો માત્ર કેરી જ મળે છે, કલ્પવૃક્ષ ફળે તો માત્ર કલ્પિત જ મળે છે. શાસન ફળે એટલે સુખોની પરંપરા, સદ્ગતિની પરંપરા અને શાશ્વત પદ સ્વાધીન થઈ જાય છે.

**અધ્યાત્મસાર**માં પૂ. યશોવિજયજી મહારાજાએ મોક્ષમાર્ગના મંડાણથી લઈને મંઝિલ સુધી - બીજથી લઈને ફળ સુધીનો જે ક્રમ બતાવ્યો છે, તે આ રીતે છે -

**बीजं चेह जनान् दृष्ट्वा, शुद्धानुष्ठानकारिणः ।**
**बहुमानप्रशंसाभ्यां, चिकीर्षा शुद्धगोचरा ॥**

**तस्या एवानुबन्धश्चा-कलङ्कः कीर्त्यतेऽङ्कुरः ।**
**तद्धेत्वन्वेषणा चित्रा, स्कन्धकल्पा च वर्णिता ॥**

**प्रवृत्तिस्तेषु चित्रा च, पत्रादिसदृशी मता ।**
**पुष्पं च गुरुयोगादि-हेतुसम्पत्तिलक्षणम् ॥**

**भावधर्म्मस्य सम्पत्ति-र्या च सद्देशनादिना ।**
**फलं तदत्र विज्ञेयं, नियमान् मोक्षसाधकम् ॥**

**બીજ** - શુદ્ધાનુષ્ઠાન કરનારાઓને જોઈને બહુમાન અને પ્રશંસાપૂર્વક પોતાને પણ શુદ્ધ કરવાની ઈચ્છા થવી.

**અંકુર** - એ જ ઈચ્છાનો નિષ્કલંક અનુબંધ થવો.

**સ્કન્ધ** - શુદ્ધઅનુષ્ઠાનના કારણોને વિવિધ રીતે શોધવા.

**પુષ્પ** - ગુરુયોગ - આદિના હેતુની પ્રાપ્તિ કરવી.

**ફળ** - સદ્દેશનાદિથી જે ભાવધર્મની પ્રાપ્તિ થાય તે. આ ફળ અવશ્ય મોક્ષદાયક થાય છે.

સમગ્ર મોક્ષમાર્ગનો આધાર છે શુદ્ધાનુષ્ઠાનકારી સાધુ. સમગ્ર મોક્ષમાર્ગનું ફળ પણ છે શુદ્ધાનુષ્ઠાનકારી સાધુ. આ જ છે શાસનનું હાર્દ, આ જ છે શાસનનું સર્વસ્વ.

✻ ✻ ✻ ✻ ✻

# * *Save Women* - વિષે શું કહે છે જૈન સૂત્રો *

એક પર્વતની ટોંચ પર એક ગામ વસેલું હતું, એ ગામના લોકોમાંથી કોઈ ને કોઈ એ પર્વતની એક બાજુથી નીચે પડી જતું. એ જગ્યા જ એવી હતી, ગામ-લોકોએ ભેગાં થઈને ફંડ કર્યું. તળેટીમાં એક હોસ્પિટલ બનાવી, જે માણસ પડે એને હોસ્પિટલ સુધી પહોંચાડવાનો એક રસ્તો બનાવ્યો. પડવાની જગ્યાએ સતત એમ્બ્યુલન્સ ઊભી હોય એવી વ્યવસ્થા કરી. મોંઘા ડૉક્ટરો ને નર્સોને એપોઈન્ટ કર્યા. પણ અફસોસ.. કોઈને પેલા ડેડ-એન્ડ પર એક દીવાલ બનાવી દેવાનું ન સૂઝ્યું.

What will we say ? કેવું પાગલ ગામ !.. કેવા મૂર્ખ લોકો !... What a Stupidness !... Well, એક્ચ્યુલી આ વાત આપણી છે. જ્યારે જ્યારે કોઈ નારી ઉપર અત્યાચાર થાય છે, ત્યારે ત્યારે આપણે બધાં ખળભળી ઉઠીએ છીએ, આક્રોશ ઠાલવીએ છીએ, અત્યાચારીને કડકમાં કડક સજા થાય એવી માંગણીઓ કરીએ છીએ, જે - તે ઘટનાને શક્ય એટલી વધુ ગજાવીએ છીએ. પીડિતા માટે દરિયો ભરીને સહાનુભૂતિ વ્યક્ત કરીએ છીએ, પણ આવું થયું શા માટે ? આવું થાય જ નહીં, એનો કોઈ ઉપાય છે કે નહીં ? આ દિશામાં આપણી કોઈ જ ગતિ-વિધિ નથી, તો આપણામાં ને એ ગામ લોકોમાં ફરક શું રહ્યો ?

નારી-અત્યાચાર એ એક વૈશ્વિક સમસ્યા છે. દેશ હોય કે વિદેશ હોય, નારી ક્યાંય સલામત નથી, આ સમસ્યાનું સજ્જડ સમાધાન જૈન સૂત્રોમાં આપેલું છે. Let's see, શું છે આ સમાધાન ?

(૧) **उब्भडवेसच्चाओ** - નારી-અત્યાચારનું એક મહત્ત્વનું કારણ છે - ઉદ્‌ભટ વેષ. સ્ત્રીનો એવો પહેરવેષ જે પુરુષના મનને બગાડે, તેને ઉદ્‌ભટ વેષ કહેવાય. જેમ જેમ નારીના પહેરવેશનું સ્તર વધુ ને વધુ ઉદ્‌ભટ થતું ગયું છે, તેમ તેમ નારી શોષણનું પ્રમાણ વધતું ગયું છે. આ એક પુરવાર થયેલી હકીકત છે. આ સ્થિતિમાં આ વેષની ફેવર કરવી એ નારી શોષણની

ફેવર કરવા બરાબર છે. તાત્ત્વિક દૃષ્ટિએ એવા ડ્રેસની ફેવર કરનારને બળાત્કારી કરતાં વધુ સજા થવી જોઈએ, કારણ કે બળાત્કારીનો તો એકાદ અપરાધમાં હાથ હોય છે, ઉદ્ભટ વેષની તરફેણ કરનારાઓ સેંકડો-હજારો બળાત્કારોને આડકતરું ઉત્તેજન આપતા હોય છે. જૈન સૂત્રો કહે છે - પ્લીઝ, ઉદ્ભટ વેષને પણ છોડો અને એની ફેવર કરવાનું પણ છોડો.

(૨) **जणणीसमणारीपरियरिया** - સ્ત્રી ક્યાંય પણ જાય, તો એ ન એકલી જાય, ન તો જેની-તેની સાથે જાય, પણ એની માતા-સમાન સ્ત્રીઓની સાથે જાય. આ સ્થિતિમાં તે સ્ત્રી પર નજર કરવી પણ અઘરી બને. દુર્જન વ્યક્તિ સાવ જ હાથ ઘસતા રહી જાય.

(૩) **जणसम्मद्देसु वारेइ** - એક સ્ત્રી જ્યારે મુક્ત-પ્રચાર (છૂટથી હરવું-ફરવું વગેરે) કરે છે, ત્યારે હકીકતમાં બદમાશોનો મુક્ત-પ્રચાર થતો હોય છે. એટલે કે તેમને પાપ કરવાની ફ્રીડમ મળતી હોય છે. નારીશોષણના સમસ્યાનું મૂળ આ છે કે આપણને બદમાશના મુક્તપ્રચારમાં પાપ દેખાય છે, નારીના મુક્તપ્રચારમાં પાપ લાગતું નથી. નારી પ્રત્યેની સૌથી મોટી બદમાશી એના અસુરક્ષિત પ્રચારના પ્રચારકો કરી રહ્યા છે.

(૪) **रुंभइ रयणिपयारं** - રાતના સમયે નારીએ ઘરની બહાર ન જ નીકળવું જોઈએ. આ સમય ચોરોનો, ગુંડાઓનો અને દુર્જનોનો છે. જો ફ્રીડમનો મિનિંગ યોગ્ય ફિલ્ડ, ટાઈમ, પર્સન કે સ્ટાઈલની બાઉન્ડ્રીને ક્રોસ કરવાનો જ હોય, તો એ ફ્રીડમ નથી, ડેથ છે. એ ફ્રીડમ એવા આહાર-સ્વાતન્ત્ર્ય જેવી છે, જેમાં કચરો, કાચ, કાંકરા ને ઝેર, બધું જ ખાઈ શકાય છે.

(૫) **कुसीलपासंडिसंगमवणेइ** - જેનું કેરેકટર સારું નથી એવી વ્યક્તિ, એ ચાહે સંસારી હોય કે ત્યાગી એનો સંગ છોડવો જોઈએ. આમાં 'ત્યાગી' એમ જે કહ્યું, એ ફક્ત વેષની અપેક્ષાએ છે. બાકી તો કેરેકટરલેસ પર્સન સંસારી જ છે, એમાં કોઈ જ ડાઉટ નથી. એટલે જ્યારે જ્યારે 'ત્યાગી' માટે કોઈ ફરિયાદ ઉઠે, ત્યારે ત્યારે હકીકતમાં તો એ ફરિયાદ સંસારી માટે જ હોય છે. ત્યાગી કદી કુકર્મ કરે નહીં, કુકર્મ કરે તે ત્યાગી નહીં. આવી

ઘટનામાં ફક્ત એક વ્યક્તિ એના મૂળસ્વરૂપે જાહેર થતી હોય છે. સંસારમાં આવી ઘટનાઓ સુલભ હોય છે. 'ત્યાગી'ના લેબલ નીચે જવલ્લે જ આવી ઘટના બનતી હોય છે. એના મૂળમાં પણ આ જૈન સૂત્રની ઉપેક્ષા હોય છે. આ બધી વાસ્તવિકતાઓની ઉપેક્ષા કરીને આવી ઘટનાઓનું બહાનું લઈને 'ત્યાગમાર્ગ' પર જ કીચડ ઉછાળવો અને તાત્ત્વિક ત્યાગી એવા પવિત્ર સંતોને પણ તેમની જ કક્ષામાં મુકવા એ વ્યક્તિગત દુશ્મની સિવાય બીજું કશું જ નથી.

Let me say, નારીશોષણની એક પણ ઘટના બને, ત્યારે હકીકતમાં આપણે બધાએ આત્મનિરીક્ષણ કરવાની જરૂર હોય છે, કે આવું શા માટે બન્યું ? શા માટે **'मातृवत् परदारेषु'** - આ આપણું સંસ્કૃતિસૂત્ર ભૂલાઈ ગયું ? **'परस्त्री मात समान'** - આ સમાજસૂત્ર ક્યાં અને ક્યારે ખોવાઈ ગયું ? અને એના ખોવાવામાં ક્યાં ક્યાં કારણો જવાબદાર હતાં ? જો આના જવાબો શોધવામાં નહીં આવે, તો આ સમસ્યા શાશ્વત બની જશે. જેમનું કહેવું એમ છે કે કોણે કેવો ડ્રેસ પહેરવો ને ક્યારે ક્યાં જવું, એ એમની પસંદની વાત છે, પુરુષોની જવાબદારી પોતાને સંયમમાં રાખવાની છે, તેમની સ્થિતિ બરાબર એ આતંકવાદી જેવી છે કે હું તો બેફામ ગોળીઓ છોડીશ, તમારી જાતને બચાવી રાખવી એ તમારી જવાબદારીનો વિષય છે. ફરક ફક્ત એટલો છે, કે પ્રસ્તુતમાં બંદૂક બે ય સાઈડ ગોળીઓ છોડે છે. સામેની વ્યક્તિ પર પણ અને પોતાની પર પણ.

નારીનું હિત જેમના હૃદયમાં વસતું હશે, તેમને આ એક જ આર્ટિકલ વાસ્તવિકતા સમજાવવા માટે પૂરતો છે, બાકીનાઓને ભગવાન પણ નહીં સમજાવી શકે, આધુનિક નારીના ખરાં દુશ્મનો તેઓ જ છે. આજની દુનિયાની સ્થિતિ પેલા પર્વત પરના ગામ જેવી છે. આપણે ઈચ્છીએ તો તેમાં આજે જ પરિવર્તન લાવી શકીએ છીએ.

❋ ❋ ❋ ❋ ❋

## * વાત – ત્રણ મહાત્માઓની *

(પદારૂઢ થવા જઈ રહેલ ત્રણ પુજ્યોની ગુણકથા)

પૂ.હરિભદ્રસૂરિ મહારાજાના ષોડશક ગ્રંથના સંદર્ભમાં કહીએ તો સાધનાનો અર્થ થશે વાચનાનુષ્ઠાનથી અસંગાનુષ્ઠાન સુધીના યાત્રા.

**यत्त्वभ्यासातिशयात्, सात्मीभूतमेव चेष्ठयते सद्भिः ।**
**तदसङ्गानुष्ठानं, भवति त्वेतत् तदावेधात् ॥**

જેનો અભ્યાસ કરવો પડે, જેને યાદ કરવું પડે, એનું નામ સાધના. જે સહજ થઈ જાય એનું નામ સિદ્ધિ. પ્રભુવચનના આલંબને થાય તે વચનાનુષ્ઠાન. વચનાનુષ્ઠાનના દીર્ઘ અભ્યાસથી આલંબનની જરૂર વગર જે થાય તે અસંગઅનુષ્ઠાન.

એક સંતને કોઈએ પૂછ્યું, ‘સાધના ક્યાં સુધી કરવાની ?’ સંતે જવાબ આપ્યો – ‘આપો આપ થવા લાગે ત્યાં સુધી.’

**સહજ બનેલી સાધના એટલે સિદ્ધિ. સાધનાનો પરિપાક એટલે સિદ્ધિ. સાધના પુરુષાર્થ મટીને જીવન બની જાય એનું નામ સિદ્ધિ. સાધના સંઘર્ષ મટીને સ્વભાવ બની જાય એનું નામ સિદ્ધિ. સાધના પુરુષાર્થ મટીને જીવન બની જાય એનું નામ સિદ્ધિ. સાધના સંઘર્ષ મટીને સ્વભાવ બની જાય એનું નામ સિદ્ધિ. મોક્ષયાત્રાનું ઉદ્‌ગમ બિન્દુ છે સાધના અને મોક્ષયાત્રાનું અંતિમ બિન્દુ છે સિદ્ધિ. પૂ.હરિભદ્રસૂરિ મહારાજા ષોડશક પ્રકરણમાં કહે છે –**

**वचनक्षान्तिरिहादौ धर्मक्षान्त्यादि साधनं भवति ।**

દીક્ષાનો પ્રારંભ છે વચનક્ષમા. એ સાધન બને છે અને ધર્મક્ષમા એ સિદ્ધિ બને છે. **उवसमेण हणे कोहं** – તને જ્યારે જ્યારે ક્રોધનો ઉદય થવા જઈ રહ્યો હોય, ત્યારે ત્યારે તું ઉપશમ દ્વારા એનો પ્રતિઘાત કરજે. આ જિનવચનનું અવલંબન કરીને જે ક્ષમા રાખવામાં આવે, એનું નામ છે વચનક્ષમા. અને એની સાધના ક્ષમાને સ્વભાવ બનાવી દે એનું નામ છે ધર્મક્ષમા.

આજે ત્રણ વિશિષ્ટ સાધકોની સાધનાકથા કહેવી છે. એમના નામમાં રત્નયત્રી સમાયેલી છે, ને એમના કામમાં મોક્ષમાર્ગ સમાયેલો છે.

રત્નબોધિ = શ્રેષ્ઠ બોધિ = સમ્યક્દર્શન.

યશકલ્યાણ* = યશપ્રદ = ભાવ આરોગ્ય દાતા = સમ્યક્જ્ઞાન.

કૃપારત્ન = દેવ-ગુરુની સર્વોત્કૃષ્ટ કૃપા = સમ્યક્ચારિત્ર.

આજથી ૨૫ વર્ષ પહેલા જેમની દીક્ષામાં મેં ફલ્યુટ દ્વારા એમના ગુણગાન કર્યા હતાં, એમની પદવીમાં આજે હૈયા ને હોઠ દ્વારા એમના ગુણગાન કરવા જઈ રહ્યો છું એ સંયોગને હું મારું સૌભાગ્ય સમજું છું.

પહેલી વાત કરવી છે - પ.પૂ.મુનિરાજશ્રી રત્નબોધિવિજયજી મહારાજની સાધનાની. વર્ષો સુધી જેમના સાન્નિધ્યમાં રહ્યા, જેમના લખલૂટ ગુણોને જોયા ને અનુભવ્યા, એ પૂજ્યો વિષે હું જે કાંઈ પણ કહું એને એમની સાધનાની ઝલક સમજજો. **મેલા વસ્ત્રો, શાસ્ત્ર પ્રત્યે ઝુકેલો દેહ, ઢળેલી આંકો, દોડતી કલમ, ચિંતન અને સ્ફુરણાઓના ઝરણા, વૈરાગ્યમય ઓરા સર્કલ, પૂર્ણ અંતર્મુખતા અને ભીતરની મસ્તી - આ છે પૂજ્ય રત્નબોધિવિજયજી મ.સા.નો પરિચય.**

દીક્ષા લઈને એમણે ગુરુદેવની જે સેવા શરૂ કરી હતી, એ જોઈને ગુરુદેવ બોલ્યા હતા - 'આવી સેવા તો કોઈએ નથી કરી.' ગુરુદેવ એકવાર એમ બોલ્યા હતા - 'તારે તો આવતા ભવમાં ભણવાનું છે ને ?' તમે અને હું એમને ઈલ્કાબો આપી દઈએ, એનું એટલું મૂલ્ય નથી. હું તમને ગુરુદેવના ઈલ્કાબોને ગણાવી રહ્યો છું. ગુરુદેવની પૂર ઝડપી ડોળીની સ્પીડે વિહાર કરતાં રત્નબોધિ મ.ને જોયા છે. ધોમ તડકામાં ગોચરી લાવીને ગુરુદેવનો લાભ લેવા પડાપડી કરતા રત્નબોધિ મ. ને જોયા છે. **ગુરુદેવના સ્વાસ્થ્યની ગંભીર સ્થિતિની અંદર ઉપાશ્રયના ખૂણામાં જઈને રડતા રત્નબોધિ મ.ને મેં નહીં પણ મહાત્માઓએ જોયા છે.** ગુરુદેવનો કાપ કાઢવા માટે હંમેશા સર્વ પ્રથમ બેસી જતાં રત્નબોધિ મ.ને જોયા છે. ગુરુ મ.ના પ્રતિલેખિત આસનો

---

* **कल्यं आरोग्यं आनयतीति कल्याणम्** - જે આરોગ્યને લાવે તે કલ્યાણ.

દ્વારા ગજબ કુશળતાથી સંથારો તૈયાર કરતા રત્નબોધિ મ.ને જોયા છે. પૂ. હરિભદ્રસૂરિ મહારાજા કહે છે -

**गुरुविनयः श्रुतगर्भो मूलं चास्या अपि ज्ञेयः ।**

સફળ સંયમજીવનનું મૂળ છે જ્ઞાનગર્ભિત ગુરુવિનય.

હજારો શ્લોકોનો મુખપાઠ કરતા રત્નબોધિ મ.ને જોયા છે, શાસ્ત્રોની અંદર ડુબી ગયેલા રત્નબોધિ મ.ને જોયા છે, શાસ્ત્રોના સર્જન કરતા રત્નબોધિ મ.ને જોયા છે, તાડપત્રીયલેખનનું માર્ગદર્શન આપતા રત્નબોધિ મ.ને જોયા છે. એમનાથી નાના-મોટા સ્વ-પર ગ્રુપના ને સ્વ-પર સમુદાયના મહાત્માઓને અને પંડિતો સુદ્ધાને કુશળ અધ્યાપન કરાવતા રત્નબોધિ મ.ને જોયા છે.

ગુરુવિનયથી જ્ઞાન આવે છે અને જ્ઞાનથી ચારિત્ર મળે છે. ઉપદેશમાલામાં પૂ. ધર્મદાસગણિ મહારાજા કહે છે -

**नाणा पयट्टए चरणं ।**

**જ્ઞાન એ ચારિત્રનું પ્રવર્તક છે.**

જ્યાં નિર્મળજ્ઞાન છે, ત્યાં નિર્મળ ચારિત્ર હશે જ, એમના સંયમજીવનના બાળપણની એક ઘટના. ગોચરીમાં કોઈ વસ્તુ દોષિત આવી ગઈ હતી. જે વસ્તુ વાપરવાનું એમને ભાગે આવ્યું. મહાત્માઓ એમને જોતાં રહી ગયા, હાથના કોળિયા હાથમાં રહી ગયા, ને એમના પ્રત્યે અહોભાવથી એમનું અંતર ઝુકી ગયું. એ વસ્તુ દોષિત છે. એની સભાનતાથી એમને પ્રત્યેક પળે આંસું ટપકી રહ્યા હતાં. એ આંસુના પ્રત્યેક ટીપાની અંદર ચારિત્રની પરિણતિના દરિયા સમાયેલા હતાં.

સંયમજીવનના એ પ્રભાતથી લઈને આજે સંયમજીવનના મધ્યાહ્ન સુધી એમની ચારિત્ર પરિણતિ સતત વર્ધમાન રહી છે. લગભગ ૧૦-૧૫ દિવસ પહેલાની ઘટના, પંકજ સોસાયટી ઉપાશ્રયના ટોપ ફ્લોર પર એમને વંદન કર્યા. મારી સાથેના મહત્માએ આગ્રહ કરીને એમના કપડાનો કાપ કાઢવા લીધો. નીચે ઉતર્યા, રોડ પાસે પહોંચ્યા ને એ ટોપ ફ્લોરતી નીચે આવી ગયા હતાં. **મહાત્માને કહ્યું - 'કાપમાં નિર્દોષ સાબુ અને નિર્દોષ પાણી જોઈશે**

**હો...'** હું સ્તબ્ધ બનીને જોતો રહી ગયો. એમની એક નાનકડી લાઈન મારા શિથિલાચાર પરની ચોટ હતી એક જીવંત પ્રેરણા હતી.

એ મારા અને અમારા ઘણા મહાત્માઓના વિદ્યાગુરુ છે. એમણે અમને સંસ્કૃત-પ્રાકૃત બુક ભણાવી છે, કાવ્ય, વ્યાકરણ અને ન્યાય ભણાવ્યા છે. એમના આ અસીમ ઉપકાર છે, પણ એના કરતા પણ મોટો ઉપકાર મને એ લાગે છે, કે એમણે અમને સંયમનું એક ઉચ્ચ આલંબન આપ્યું છે. એક જીવંત આલંબન હજારો શાસ્ત્રો કરતા ચડિયાતું સાબિત થઈ શકે છે, ને અમારી બાબતમાં કદાચ એવું જ બન્યું છે. એમની એક એક સંયમચર્યાને જોઈને અમે શીખવાનો પ્રયાસ કર્યો છે. એમની પરિણતિનો એક અંશ પણ અમને મળ્યો હોય. તેમાં ગુરુદેવના ઉપકારોની સાથે એમનો પણ ઉપકાર છે.

**રોટલા ને પાણીથી વિહારોમાં આયંબિલો કરતા પૂ.રત્નબોધિ મ.ને જોયા છે, વરસાદ અટક્યો ન હોય ત્યારે ચાલુ ઓળીમાં ય ઉપવાસ કરતા રત્નબોધિ મ.ને જોયા છે. એક નાનકડી ગરબડમાં વહોર્યા વિના ઘરમાંથી નીકળી જતા રત્નબોધિ મ.ને જોયા છે. બે-ત્રણ કિલોમીટર દૂરથી નિર્દોષ ગોચરી લાવતા રત્નબોધિ મ.ને જોયા છે. સાવ પથરાળ રસ્તે ખુલ્લા પગે વિહાર કરતા રત્નબોધિ મ.ને જોયા છે. વિહારની અંદર ચોપડા વધી પડે તો બે ખભે બે પોથીને હાથમાં થેલી લઈને વિહાર કરતા રત્નબોધિ મ.ને જોયા છે.**

પરમપાવન શ્રી દશવૈકાલિક સૂત્ર કહે છે -

जाइ सद्धाइ णिक्खतो तमेव अणुपाकइ

જે શ્રદ્ધા સાથે તું સંયમ લે છે, તે શ્રદ્ધાને તું ટકાવી જ રાખજે.

**રત્નબોધિ મ.એ એ શ્રદ્ધાને માત્ર ટકાવી નથી રાખી, એ ઉલ્લાસને માત્ર જાળવી નથી રાખ્યો, પણ એના ગુણાકારો કરી દીધા છે. એમના સંદર્ભમાં છેલ્લી વાત, એમની દીક્ષા વખતે મુંબઈ-મુલુંડનો સંઘ એમને રામજીભાઈના દીકરા તરીકે ઓળખતો હતો, એમાં રામજીભાઈની સાંસારિક સિદ્ધિ કારણ હતી, આજે અમદાવાદનો સંઘ રામજીભાઈને એમના પિતાજી તરીકે ઓળખે એમાં રત્નબોધિ મ.ની આધ્યાત્મિક સિદ્ધિ કારણ છે.**

બીજા મહાત્મા છે પ.પૂ.ગણિવર્ય શ્રીયશકલ્યાણવિજયજી મ.સા. પદારૂઢ થનાર ત્રણે મહાત્મા પોતાના કોઈ ને કોઈ વિશિષ્ટ ગુણોથી ગુરુદેવના હૃદયમાં સ્થાન પામ્યા છે, પૂ.યશકલ્યાણ મ.નો વિશિષ્ટ ગુણ છે વેયાવચ્ચ. પુષ્પમાલામાં પૂ.મલધારી હેમચન્દ્રસૂરિ મહારાજા કહે છે -

**वेयावच्चं णिच्चं करेह उत्तमगुणे धरंताणं ।**
**सव्वं किर पडिवाई, वेयावच्चं अपडिवाइ ॥**

ઉત્તમગુણધારક આત્માઓની હંમેશા વેયાવચ્ચ કરો, બધુ જ પ્રતિપાતી છે, પણ વેયાવચ્ચ અપ્રતિપાતી છે.

**पडिभग्गस्स मयस्स व णासइ चरणं सुयं अगुणणाए ।**
**ण हु वेयावच्चकयं सुहोदयं गासए कम्मं ॥**

સંયમપતિતનું કે મૃત્યુ પામેલાનું ચારિત્ર નાશ પામે છે, પરાવર્તન ન કરો એટલે શ્રુત પણ નાશ પામે છે, પણ વેયાવચ્ચથી જે શુભકર્મ ઉપાર્જિત કર્યું હોય, તે નાશ પામતું નથી.

પૂ.યશકલ્યાણ મ.એ આ યોગને ઉચ્ચ રીતે સાધ્યો છે. લગભગ ચૌદ વર્ષ પહેલાની એક ઘટના. એક મહાત્માએ માસક્ષમણ કર્યું. પારણે પેટશુદ્ધિ થતી ન હતી. તકલીફ થોડી વધી. એનિમા આપવો પડ્યો. શરીર-વસ્ત્રો બધું બગડ્યું. પોતાના સ્વજનનું કર્તવ્ય કરતા હોય, એમ એમણે એ મહાત્માનું બધું જ કર્તવ્ય કર્યું, એ દિવસે **ગુરુદેવે અમને વાચનામાં કહ્યું કે 'તમારા સ્વાધ્યાય કરતાં યશકલ્યાણની વેયાવચ્ચ ચડી જાય.'** હું ગુરુદેવે આપેલા ઈલ્કાબની વાત કરું છું. વ્યવહારભાષ્યનો એક અદ્ભુત પદાર્થ છે.

**जेह भमरमहुपरीगणा णिवडंति कुसुमियम्मि वणसंडे ।**
**इअ होइ णिवइयव्वं गेलजो कइयवजढेणं ॥**

જેમ ભમરા-મધમાખીઓ ફુલોથી લચી પડેલા ઉપવન પર તૂટી પડે, તેમ ગ્લાન મહાત્માની સેવા માટે પડાપડી કરવી જોઈએ. એમાં બિલકુલ માયા-બહાનાબાજી ન કરવી જોઈએ.

**ગુરુદેવને એક્યુપ્રેશરથી ટ્રીટમેન્ટ આપતા યશકલ્યાણ મ.ને જોયા છે.**

**ડૉક્ટરોની ભૂલ પકડી પાડતા યશકલ્યાણ મ.ને જોયા છે. હોસ્પિટલની અંદર અર્ધજાગ્રત મહાત્માને 'મા'ની જેમ ગોચરી વપરાવતા યશકલ્યાણ મ.ને જોયા છે. બાળમુનિથી લઈને વૃદ્ધમુનિ સુધીનાની જબરદસ્ત સેવા કરતા યશકલ્યાણ મ.ને જોયા છે. ને વિહારની અંદર મુમુક્ષુ માંદો પડી ગયો તો એની પણ સેવા કરતા યશકલ્યાણ મ.ને જોયા છે. કારણ કે એ મુમુક્ષુ હું જ હતો.**

મહાત્માની તકલીફને પોતાની તકલીફ સમજવી, એમની શાતાને પોતાની શાતા સમજવી, શાતા આપવાનો ભાવ પણ હોવો ને શાતા શી રીતે મળશે એની સમજણ પણ હોવી, એમની આ અસ્મિતાની સમક્ષ, શ્રમણવાત્સલ્યની આ પરિણતિની તુલનામાં દુનિયાની બધી જ સંપત્તિઓ વામણી લાગે છે.

વ્યવહારસૂત્રની ટીકામાં પૂ.મલયગિરિસૂરિ મહારાજા કહે છે કે જેઓને સાધુ પ્રત્યે વાત્સલ્ય છે, જેઓ તેમની બીમારી વગેરેમાં તેમની જરૂરિયાતો પૂરી કરે છે, જેઓ શ્રમણાચારના રાગી છે, તેઓ અલ્પ પ્રાયશ્ચિત્તથી જ શુદ્ધ થઈ જાય છે. ને જેઓને શ્રમણાચારનો દ્વેષ છે, જેમને સાધુ પ્રત્યે વાત્સલ્ય નથી, અને એટલે જ તેઓ તેમની બીમારીમાં તેમની ઉપેક્ષા કરે છે, તેઓ એ જ પાપમાં મોટા પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થાય છે.

**પૂ.મલયગિરિસૂરિ મહારાજાના આ વચનનું હાર્દ એ છે કે વેયાવચ્ચયોગ એ જીવનની વિશિષ્ટ યોગ્યતા અને ગુણવત્તાનું લક્ષણ છે. એ ગુણવાન આત્માર્થી કદાચ કોઈ દોષ સેવાઈ પણ જાય, તો ય બહુ સંક્લિષ્ટ પરિણામથી તો ન જ સેવાય, માટે જ એ અલ્પ પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થઈ જાય છે.**

પૂ.યશકલ્યાણ મ.ને જ્યારે જ્યારે કોઈ શારીરિક તકલીફ આવી છે, ત્યારે સ્વયં સેવ્ય બનવા છતાં પણ બીજાની સેવા કર્યા વિના રહી ન શકે – આ તેમનું સેવાનું વ્યસન અમે સગી આંખે જોયું છે. **મારા જેવા પોથીપંડિતને હજી કદાચ ઘણો સંસાર બાકી હશે ને આ અમારા મહાત્મા એમના ઉચ્ચ શ્રમણવાત્સલ્યના બળે પરમ પદના સ્વામી બની જશે.**

ત્રીજા મહાત્મા છે પ.પૂ.મુનિરાજશ્રી કૃપારત્નવિજયજી મ.સા. પૂ.રત્નબોધિ મ.સા. મારા વિદ્યાગુરુ મહાત્મા છે, પૂ.યશકલ્યાણ મ. મારા વડીલ મહાત્મા છે અને પૂ.કૃપારત્ન મ. મારા મિત્ર મહાત્મા છે. મિત્ર મહાત્માના ગુણાનુવાદ

કરતા તો થોડું ઓછું ફાવે, એટલે હું એમના દોષાનુવાદ કરીશ.

**ગુરુદેવના મુખે વરસોવરસ એમની એક ફરિયાદ સાંભળી છે – 'કૃપારત્ન બધાં કામ એના માથે લઈ લે છે.'**

ગુરુ મ.નો કાપ સંભાળવાનો હોય એમાં ય કૃપારત્ન મ. આવી જાય. ગુરુ મ.ની ગોચરી લાવવાની હોય એમાં ય કૃપારત્ન મ. આવી જાય. ગુરુ મ.ની ઉપધિની વ્યવસ્થા કરવાની હોય એમાં ય કૃપારત્ન મ. આવી જાય, ગુરુ મ.ની દવા/ડોકટર અંગેનું કામ હોય એમાં ય કૃપારત્ન મ. આવી જાય, જોગના કાલગ્રહણ લેવાના હોય એમાં ય કૃપારત્ન મ. આવી જાય, સૂરિમંત્રના વિધાનનું માર્ગદર્શન કરવાનું હોય એમાં ય કૃપારત્ન મ. આવી જાય. શ્રુતોદ્ધારના જે કાર્યની એમણે જવાબદારી લીધી હોય, એમાં ય એ આવી જાય, ને જે કાર્યની જવાબદારી ન લીધી હોય, એમાં ય એ આવી જાય.

**આ છે એમનો દોષ. મારા જેવાના કહેવાતા ગુણોને ક્યાંય ટપી જાય એવો દોષ. દેવોને પણ સ્પૃહણીય એવો દોષ. દોષોના દરિયાને સૂકવી નાખે તેવો દોષ. કલિકુંડની અંદર વીશ વર્ષ પૂર્વે એમની દીક્ષામાં ગુરુદેવે જે શબ્દો કહ્યા હતાં, તે આજે પણ મારા કાનમાં ગુંજી રહ્યા છે – દીક્ષા કઈ રીતે પાળવી એની પ્રેરણા આ નામમાંથી મળશે – કૃપારત્ન. દેવ-ગુરુની જેટલી કૃપા ઝીલશું એટલું દીક્ષા પાળવાનું બળ મળશે.**

ને ગુરુદેવના આ શબ્દોને ખરેભકર સાર્થક કરી દે એવું એમનું જીવન બન્યુ. એમના આ દોષથી એમણે ગુરુદેવની ખૂબ ખૂબ કૃપા ઝીલી. ગુરુને પોતાના હૃદયમાં વસાવ્યા. **ગુરુની પ્રશન્નતાને પોતાની પ્રસન્નતા માની. ગુરુની શાતાને પોતાની શાતા માની. ગુરુના કામને પોતાનું કામ માન્યું. ને એના દ્વારા એ ગુરુના હૃદયમાં વસ્યા. ગુરુદેવે એમના વિકાસને પોતાનો વિકાસ માન્યો. એમના સ્વાધ્યાયમાં પોતાનો સ્વાધ્યાય માન્યો. એમના તપમાં પોતાનો તપ માન્યો.** પિંડવાડામાં એક મહાત્મા ગુરુદેવ પાસે ગયા – 'સાહેબ એણને હમણા ઓળી નહીં કરાવતા. આ રીતે પારણું આવે એમ કરાવજો.' ને ગુરુદેવ બોલ્યા, 'ના, કૃપારત્નને હમણા ઓળી નથી કરાવવાની, એને

માસખમણ કરવાનું બાકી છે, માટે એને માસખમણ કરાવવાનું છે.' ને ખરેખર એમનું માસખમણ નિર્વિઘ્ને થઈ ગયું.

**धन्नो सो जीयलोए, गुरुणो णिवसंति जस्स हिययम्मि ।**
**धन्नाण वि सो धन्नो, गुरुण हियए वसइ जो उ ॥**

વિશ્વમાં તે ધન્ય છે, જેના હૃદયમાં ગુરુઓ વસે છે. તે ધન્યથી પણ છે, જે ગુરુના હૃદયમાં વસી જાય છે.

પૂ. કૃપારત્ન મ. ધન્ય પણ બન્યા છે, અને ધન્યાતિધન્ય પણ બન્યા છે. એમના સંયમજીવનના બાળપણનો એક પ્રસંગ... વિહારમાં એકવાર ગુરુદેવે અમુક સાધુઓને આગલા મુકામે મોકલ્યા. કારણ એ હતું કે તે સ્થાને નિર્દોષ ગોચરી થાય એમ ન હતી. એ મુનિવૃન્દમાં પૂ.કૃપારત્ન મ. પણ હતા, એકાદ કિ.મી. ચાલ્યા હશે. બાજુમાં ચાલતા મહાત્માએ જોયું કે એમની આંખોમાંથી આંસુ ટપકી રહ્યા છે. મહાત્માએ એમને કારણ પૂછ્યું. એમણે કહ્યું, 'ગુરુ મ.નો ઓઘો કોણ બાંધશે ? ગુરુ મ.ને પાણી કોણ વપરાવશે ?' મહાત્માએ એમને કહ્યું 'તમે એમ કરો, ગુરુ મ. પાસે પાછા જતા રહો.' ને એ પાછા આવી ગયા. **દોષિત વાપરવું પડે તો વાપરવું, પણ ગુરુથી જુદાં ન પડવું. આ શાસ્ત્ર વચનની પરિણતિ એમને શાસ્ત્રો વાંચતા પહેલા મળી ગઈ હતી. આજે એમનો ૨૦ વર્ષનો સંયમપયાર્ય થયો છે, પણ એકે ય ચાતુર્માસ જુદું કર્યું નથી. જુદા થઈ શકે તેમ હોવા છતાં જુદા થયા નથી. એ એમની અખંડ પરિણતિનું લક્ષણ છે.**

ત્રણે મહાત્મા ખૂબ જ સરળ, નિખાલસ, પેટના સાફ અને પરમ ગુરુભક્ત છે. આજે અહીં જેટલી મેદની છે. એના કરતાં દશગણી મેદની મુંબઈમાં થઈ શકી હોત. **આપણે માનીએ છીએ કે વતનમાં થાય ને વતનની બહાર થાય-ફરક પડે. આપણે બહુ ઠરેલ અને સમજુ છીએ. આ મહાત્માઓને પૂછો તો કહેશે - ગુરુની હાજરીમાં થાય ને ગુરુની ગેરહાજરીમાં થાય-ફરક પડે. પહેલા ફરકથી આ મહાત્માઓને કોઈ જ ફરક પડતો નથી. ચાલો, એક મહિનામાં મુંબઈ પહોંચી જઈએ, ત્યાં પદવી લઈએ. આવો વિચાર**

**સુદ્ધા આ મહાત્માઓને સ્પર્શી શક્યો નથી.** તમારા હિસાબે - આ મંડપના જેટલા સ્કવેરફીટ ભરેલા છે, એ આ મહાત્માઓની યશોગાથા હશે, મારા હિસાબે - આ મંડપના જેટલા સ્કવેરફીટ ખાલી છે, એ આ મહત્માઓની યશોગાથા છે. જ્યાં રામ ત્યાં અયોધ્યા - એમ આ પૂજ્યો માટે તો જ્યાં ગુરુદેવ ત્યાં મુંબઈ છે. ગુરુદેવ વગરનું મુંબઈ પણ એમના માટે જંગલ છે.

**नायोध्या तं विनाऽयोध्या, साऽयोध्या यत्र राघवः ।**

તેમના વિનાની અયોધ્યા તે અયોધ્યા નથી, જ્યાં રામ છે, ત્યાં અયોધ્યા છે.

શબ્દો વામણા હોય છે. સાધકોની સાધના વિરાટ હોય છે, થોડું બોલ્યું, ઝાઝું કરી જાણજો. જિનાજ્ઞાવિરુદ્ધ બોલાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

* * * * *

# * તારો પંથ સદા ઉજમાળા બને *

અમારી આંખોના તારા જિનશાસનના સિતારા વ્હાલા ભાઈ/વ્હાલી બહેન ! તને કોટિ કોટિ વંદન. ખૂબ ખૂબ અભિનંદન. પરમના પાવન પંથે પ્રસ્થાન કરવા માટે જ્યારે તારી સંપૂર્ણ અસ્મિતા થનગની રહી છે ત્યારે તારા આ શાસન સ્વજનની હૃદયોર્મિ તારા પર શુભેચ્છાનો અભિષેક કર્યા વિના રહી શકતી નથી.

**पडिसोओ तस्स उत्तारो**

પ્રતિકૂળતા એ જ મોક્ષમાર્ગ – આ તારો જીવનમંત્ર બને.

**चइज्ज पूयणं**

સત્કાર, સન્માનનો ત્યાગ – આ તારા ત્યાગની શોભા બને.

**सयणे य जणे य समो**

સ્વજન અને જન – આ બંને તારા માટે સમાન બને.

**तितिक्खए णाणी अदुट्ठचेयसा**

સમતા સાથેની સહનશીલતા – આ તારા જ્ઞાનનું ફળ બને.

**चइज्ज देहं ण हु धम्मसासणं**

પ્રાણત્યાગ સરળ હોય ને ધર્મશાસનનો ત્યાગ અશક્ય હોય,
આ તારી દશા બને.

**जिणसासणभत्तिगओ**

જિનશાસન પ્રત્યેની ભક્તિ તારી રગ રગમાં રહેતી રહે.

**गुरुणो छंदाणुवत्तया**

ગુરુની ઈચ્છાનું અનુસરણ – આ જ તારી ઈચ્છા બને.

**सो जीवइ संजमजीविएण**

સંયમ એ જ જીવન, અસંયમ એ જ મૃત્યુ – આ તારી સંવેદના બને.

**पवयणस्स उड्डाहे**

જિનશાસનની લેશ પણ અપભ્રાજનામાં તને અનંત સંસારની વેદના દેખાય.

**अणिस्सिओ लोगमिणं तहा परं**

આલોક કે પરલોકની કોઈ તૃષ્ણા તારા રુંવાડાને પણ સ્પર્શે નહીં.

**एमेए समणा मुत्ता**

અહીં જ મોક્ષનો આનંદ એ તારી મિલકત બને.

**अप्पियं चेव कायव्व**

આત્મહિત એ જ તારું જીવનકેન્દ્ર બને.

**देवा वि तं नमंसंति**

દેવો ય ઝુકી પડે, એવો તારો દિવ્ય દેદાર બને.

વ્હાલા ભાઈ/વ્હાલી બહેન

જે લક્ષ્ય માટે તું આ ત્યાગમાર્ગે જઈ રહ્યો છે, એ લક્ષ્યની સ્મૃતિ તારા ત્યાગમાર્ગના પ્રત્યેક પગલાને ભીનું ભીનું કરી દે એવી અંતરના ય અંતરની શુભેચ્છાઓ.

તારો પંથ સદા ઉજમાળ બને.

✷ ✷ ✷ ✷ ✷